

# પરિવર્તનની પ્રેરણા




રજૂકર્તા : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

પ્રકાશક : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭.

આદ્યસ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

આવૃત્તિ : પ્રથમ, જાન્યુઆરી - ૨૦૨૨

પ્રત : ૨૦૦૦

# પ્રસ્તાવના

યુગો યુગોથી ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથા સમગ્ર વિશ્વમાં ગવાતી રહી છે. અનેકાનેક ઋષિમુનિઓ, સાધુ-સંતો તથા મુક્તપુરુષોએ આ સંસ્કૃતિના પાયામાં જ આધ્યાત્મિક તથા સામાજિક જીવનનાં ઉત્કૃષ્ટ મૂલ્યો રેડ્યાં છે. આ એક એવી સંસ્કૃતિ છે કે જેમાં બાળ અવસ્થાથી મધર ડે કે ફાધર ડે નહિ પરંતુ માતૃદેવો ભવ: અને પિતૃદેવો ભવ: નાં પીયૂષ પાવામાં આવે છે. આપણે દરેકે બાળ અવસ્થામાં આ શ્લોકનું આચમન અવશ્ય કર્યું હશે.

પરંતુ દુ:ખની વાત છે કે ભારતની આ ગૌરવવંતી ગાથા ઉપર આજના ટેક્નૉલૉજી અને વિદેશીકરણના વાયરાથી ધૂડય ચડતી જાય છે. સંયુક્ત કુટુંબો ભાંગતાં જાય છે. ઘર ઘરમાં કુસંપ, ઝઘડા અને ઉદ્વેગનું વાતાવરણ સર્જાતું જાય છે. પિતા-પુત્ર અને મા-દીકરાના સ્નેહાળ સંબંધો વચ્ચે ઘૃણા અને નફરતની દીવાલ રચાતી જાય છે. ડૉક્ટર જેમ શબનું પોસ્ટમૉર્ટમ કરે તેમ આજની બાળ-યુવાપેઢી માતાપિતાના તમામ ક્રિયા, વ્યવહાર અને શબ્દોનું પોસ્ટમૉર્ટમ કરી યોગ્યતા-અયોગ્યતાનું નિદાન કર્યા કરે છે. જે માબાપે અનેક કષ્ટો વેઠી ચાર સંતાનોને ઉછેર્યાં હોય તે ચારેય ભેગા મળી એક માબાપને પાલવવા તૈયાર નથી હોતા.

સમાજની આ દારુણ પરિસ્થિતિની ચિંતા કોઈને હોય કે ન હોય પરંતુ સમાજ, સંસ્કૃતિ અને અધ્યાત્મના સંવર્ધન માટે જ જેમનું પ્રાગટ્ય છે એવા મુક્તપુરુષો આ ચિંતાથી કેમ અળગા રહી શકે ? સમાજ અને સત્સંગમાં બનતા એવા અનેક કરુણ પ્રસંગોને ધ્યાનમાં લઈ દયાળુમૂર્તિ એવા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી અમો આ 'માતૃ-પિતૃ વંદના' વિશેષાંક પ્રકાશિત કરી રહ્યા છીએ. આ અંકમાં એક યુવકના જીવનવૃત્તાંતને પ્રદર્શિત કરી, માનવજીવનમાં માતાપિતાનું મૂલ્ય સમજાવવામાં આવ્યું છે. સાથે સાથે આવા અનેક પરિવારોની ગાથા પણ આ અંકમાં સમાવિષ્ટ કરી છે. આંખને ભીંજાવે, ગળે ડૂમા બઝાવે ને વારે વારે હૃદયને કંપાવે તેવા આ વિશેષાંકના લેખો અનેકના જીવનમાં પરિવર્તન કરી; તેમના પરિવારમાં આત્મીયતાનો સૂરજ ઉગાડી, સુખ-શાંતિરૂપી હૂંફ અર્પશે એવી મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાન તથા ગુરુજીના દિવ્ય ચરણોમાં પ્રાર્થના સહ અપેક્ષા...

- સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા




૦૪. પશ્ચાત્તાપની જ્યોતિ

૧૦. ભૂતકાળની સફરે





૧૪. યે હૈ મેરી દાસ્તાન

૧૮. વકીલશ્રીની નોંધપોથી





૨૨. વૃદ્ધાશ્રમના બગીચામાં

૨૯. ઉમ્મીદ એમની કોણ પૂરી કરે ?





૩૨. સંતાનોને સેવાની હોંશ

૩૬. એવું કદાપિ નહિ બને !!!





૪૨. વડીલોનું શાણપણ

૪૬. ચાલો માતૃ-પિતૃ વંદના કરીએ



# ૧ પશ્ચાત્તાપની જ્યોતિ



ક્ષણે ક્ષણે નવું સંશોધન કરતી આજની ટેક્નૉલૉજીની રફ્તાર ઘણી તેજ છે. આજની ઝડપભરી જિંદગીમાં કેટલીય બાબતો આપણા ખ્યાલ બહાર જ જતી રહેતી હોય છે. જેની પર વિચાર-વિમર્શ કરવાનો આપણને સમય તો નથી હોતો પણ સૂઝ પણ નથી હોતી.

વર્તમાનકાળે યુવાન દીકરા અને માતાપિતા વચ્ચેનાં અંતરો વધતાં જાય છે. ત્યારે ઇતિહાસ અને આજનું અવલોકન કરી તેના પર ગંભીર વિચારણા કરવી જરૂરી જણાય છે. આજે આપણે ભૂતકાળના એવા કર્તવ્યનિષ્ઠ પુત્રોના પ્રેરક પ્રસંગો તથા વર્તમાનકાળે સમાચારપત્રોમાં ઝબકતા એવા કર્તવ્યહીન પુત્રોના હૃદયભેદક પ્રસંગોનું વાંચન કરી, પશ્ચાત્તાપના ઝરણામાં ડૂબકી દઈને નિર્મળ થઈશું.

## ઈતિહાસની અલમારીઓમાંથી

જયવંતી નગરીના રાજા જયશેખર અને રાણી ગુણસુંદરી સુખમય જીવન પસાર કરતાં હતાં. અચાનક રાણીબાને અસાધ્ય ઉદરરોગ લાગુ પડ્યો. ઘણા વૈદ્યો-હકીમોને બોલાવ્યા પણ કોઈ ઔષધ લાગુ પડતું ન હતું. એક પરદેશી વૈદ્યે તેમનો રોગ મટાડવાનું બીડું ઝડપ્યું. વૈદ્યરાજે કહ્યું, "બાજુના રાજ્યના એક તળાવમાંથી રોજ તાજાં કમળ મને લાવી આપો તો તેના રસમાંથી એક ઔષધ તૈયાર કરી આપું. પણ કમળ લાવવામાં જાનનું જોખમ છે. કારણ, એ તળાવની પાળે દૃષ્ટિવિષ સર્પ રહે છે. તે જે તેની દૃષ્ટિએ ચડે તેને ખલાસ કરી નાખે છે."

માનો ઇલાજ કરવા કુંવર અપરાજિતે જાતે જ કમળ લાવવાનું બીડું ઝડપ્યું. રાજા-રાણીએ કુંવરને ન જવા સમજાવતાં કહ્યું, "માના દુ:ખથી અધિક દુ:ખ મારે મન આ દુનિયામાં બીજું કાંઈ નથી અને માના સુખથી અધિક સુખ મારે બીજું નથી. માના સ્વાસ્થ્ય માટે હું તળાવનાં કમળ નહિ, આસમાનના તારા પણ લાવવા તૈયાર છું."

બીજા દિવસે કુમાર અપરાજિત સાપના ભયથી ડર્યા વિના જીતની આશાએ દૂધનું તાવડું લઈ તળાવે ગયા. દૂરથી ધસમસતા વેગથી સાપને આવતો જોઈ તેની આગળ સ્વાદિષ્ટ દૂધ મૂક્યું. દૂધની સુવાસથી આકર્ષાઈ સાપ દૂધ પીતો હતો એટલી વારમાં કુંવર તળાવમાંથી કમળ લઈ આવ્યા. પછી તો કુંવરનો આ નિત્યક્રમ બની ગયો હતો. જાનના જોખમે મા સંપૂર્ણ સ્વસ્થ ન થઈ ત્યાં સુધી કમળ લાવતા રહ્યા. ધન્ય હો તેમની માની સેવા કરવાની માતૃભક્તિને !

• • •

ઈ.સ. ૧૮૫૧ના અંગ્રેજ શાસનકાળમાં ૩૧ વર્ષીય ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર કલકત્તાની ફોર્ટ વિલિયમ કૉલેજમાં પ્રોફેસર તરીકે નિમાયા હતા. એક દિવસ તેમની માતાનો પત્ર આવ્યો કે, 'ભાઈનાં લગ્ન લીધાં છે માટે તું આવી જા.' ઈશ્વરચંદ્રે માતાના પત્રની વાત આચાર્ય શ્રી માર્શલ

સાહેબને કરી દસ દિવસની રજા માગી. તેમણે કહ્યું, ''પરીક્ષાના દિવસો નજીક છે, માટે રજા નહિ મળે.''

વળતે દિવસે ઈશ્વરચંદ્રે કૉલેજમાં આચાર્યશ્રી આગળ રાજીનામાનો કાગળ ધરતાં કહ્યું, ''મારી માતાની આજ્ઞાને પૂરી કરવા હું નોકરી જતી કરવા તૈયાર છું.'' આચાર્યશ્રીએ કહ્યું, ''ભલા, તમે એક માની ઈચ્છાને પૂરી કરવામાં ૩૦૦ રૂપિયાના માતબર પગારની નોકરી છોડવાની ભયંકર ભૂલ કરી રહ્યા છો.'' ''સાહેબ, માતાના વચનની આગળ હું ૩૦૦ નહિ, ૩૦૦૦ રૂપિયાની નોકરીને પણ લાત મારતા ખચકાઈશ નહીં.'' તેમનો માતૃપ્રેમ જોઈ આચાર્યશ્રીએ રજા આપી દીધી.

રજા મળતાં તેઓ પગપાળા વીરપુર જવા નીકળ્યા. ભાદરવાના ભરપૂર મેહથી દામોદર નદીમાં બે કાંઠે પૂર ધસમસતું હતું. ભાઈના લગ્નની ઘડીઓ નજીક હતી. તેથી હોડી ન મળતાં માતાના વચન અનુસાર પહોંચવા તેઓએ લંગોટ બાંધી નદીના પાણીમાં ઝંપલાવ્યું. માને રાજી કરવાની પ્રબળતામાં નદીનું પૂર પણ તેમને અટકાવી ન શક્યું. રસ્તામાં વચ્ચે ફરી બીજી નદી અને ગાઢ જંગલ આવ્યું. એ સઘળું તેમણે  એક શ્વાસે ચાલતાં-દોડતાં પાર કર્યું. સાંજ પડતાં માના વચન અનુસાર તેઓ પોતાને ગામ આવી ગયા. ઘરે પહોંચતાં જ માતાએ તેમને 'આવો મારા વ્હાલા વીરા' કહેતાં ઓવારણાં લઈ, 'જુગ જુગ જીવો'ના અંતરના આશિષથી વધાવ્યા.

•••

ગાંધીજી અઢાર વર્ષની વયે વિલાયતમાં બારિસ્ટરનો અભ્યાસ કરવા માટે તૈયાર થયા. રૂઢિચુસ્ત વડીલો અને નાતના આગેવાનોએ ત્યાં ગયા પછી સંસ્કાર અને ધર્મ ન સચવાય તેથી વિરોધ કર્યો. માતા પૂતળીબાઈએ દીકરાના ઉચ્ચ અભ્યાસ માટે સંમતિ આપી ત્રણ પ્રતિજ્ઞા લેવડાવી કે, ''માંસ, મદિરા અને પરસ્ત્રીના સંગથી દૂર જ રહેવું.'' ગાંધીજીને વિલાયતના રીત-રિવાજ, લોક સભ્યતા તથા અન્ય વ્યવહારો સાચવવામાં આ પ્રતિજ્ઞા પાળવામાં ઘણી મુશ્કેલીઓ પડી હતી. કેટકેટલાંય અપમાનો સહેવાં પડ્યાં હતાં તેમ છતાં તેઓ માતાનાં વચન મુજબ વર્તવામાં અફર રહ્યા. આ છે માતાના વચનનું અદકેરું મૂલ્ય ! ગાંધીજી માતાના વચનમાં અડગ રહ્યા એથી જ રાષ્ટ્રપિતાના પદને શોભાવી શક્યા, નહિ તો અન્ય યુવાનોની જેમ તેઓ પણ સામાન્ય યુવાન બની રહ્યા હોત.

•••

એમ. એન. પટેલ ભારતની આઈ.આઈ.એમ. કૉલેજમાં સ્નાતકની પદવી લઈ અમેરિકા સ્થિત થયા હતા. વિદેશની ભૂમિ ઉપર યુવાનવયમાં જ તેઓએ ખૂબ નામના મેળવી હતી. તેમની ધર્મપરાયણતા અને સંસ્કારિતાથી વિદેશીઓ અને દેશવાસીઓ સૌ પ્રભાવિત થયા હતા. તેથી દેશબંધુઓએ તેમના પ્રમુખપદે ભારતમાં એક વિશાળ સભાનું આયોજન કર્યું હતું. કામની અતિ વ્યસ્તતામાં અને સમયની કટોકટીની વચ્ચે પ્રસ્તાવ સ્વીકારી તેઓ ભારત આવ્યા.

સભામાં સમયસર પહોંચવા ઘરે જવાનું માંડી વાળી તેઓ એરપોર્ટથી સીધા સભા સ્થળે પહોંચ્યા. યજમાનશ્રીઓએ તેમને મંચ ઉપર આવકારી પ્રમુખની ખુરશીમાં બેસવા વિનંતી કરી. તેઓ ખુરશી ઉપર બેસવા જતા હતા એ વખતે જ તેમની નજર શ્રોતાગણ વચ્ચે સામાન્ય પહેરવેશમાં બેઠેલાં તેમનાં માતાપિતા ઉપર પડી. તેઓ

ખુરશીમાં બેસવાનું પડતું મૂકી મંચ ઉપરથી નીચે ઊતરી માતાપિતાના ચરણોમાં ઝૂકી પડ્યા. તેમના આશિષ લીધા અને તેમને પણ પોતાની સાથે મંચ ઉપર ખુરશીમાં બિરાજિત કર્યાં.

સભાસદો તેમનો માતાપિતા પ્રત્યેનો આદર-સત્કાર જોઈ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. કોઈએ આટલા વિશેષ આદરનું રહસ્ય પૂછ્યું. ત્યારે તેઓએ રહસ્યસ્ફોટ કરતાં કહ્યું, ''અમે નાના હતા ત્યારે નિશાળે ભણવા જતા. ત્યારે અમારા સાહેબ એમ. કે. શાહ જે બાળકો માતાપિતાને પગે લાગે તેને પાંચકો (પાંચિયું/પાંચ પૈસા) ઈનામમાં આપતા. એ પાંચકાએ અમારા સૌના હૃદયમાં માતાપિતાનો આદર અને ચરણસ્પર્શ કરવાનું કોતરી દીધું. તેથી જ્યારે જ્યારે હું માતાપિતાનાં દર્શન કરું છું ત્યારે ત્યારે હું બધું ભૂલી જઉં છું. અરે, આવી સભાને પણ ભૂલી એમના ચરણોમાં લેટી પડું છું. આ છે પાંચકાનો પરચો. બસ, આ પરચામાંથી તમારા માતાપિતાને પણ આદર-સત્કાર આપજો એ જ અભિલાષા છે.''

આવા તો અનેક પ્રસંગોથી ઈતિહાસની અલમારીઓ ઊભરાય છે ત્યારે સાપેક્ષમાં...

**આજના વર્તમાનપત્રોનાં કેટલાંક પાનાંઓ**

સમાજમાં બનતી કેટલીક સત્ય ઘટનાઓ સમાચારપત્રમાં વાંચતાં હૃદય દ્રવી જાય અને આંખ ભીની થઈ જાય. જેમાં દુઃખદ ઘટનાઓ ૯૫% હોય છે, જ્યારે સુખદ ઘટનાઓ ૫% જેટલી જ હોય છે. શું એમાંની કોઈ દુઃખદ ઘટનાનું પ્રતિબિંબ આપણા ઘરમાં તો પડતું નથી ને ? ચકાસીએ. તે માટે કેટલીક ઘટનાઓ જોઈએ.

બાર વર્ષના રોનકે સ્ટડી ટેબલ પર બેસી એક યાદી બનાવી :

| | | |
|---|---|---|
| ૧. | નાના ભાઈ-બહેનને રમાડવાનો ચાર્જ | ૨૦૦ રૂ. |
| ૨. | દરરોજ મારા સ્ટડી રૂમની સફાઈનો ચાર્જ | ૧૦૦ રૂ. |
| ૩. | રોજ દૂધની કોથળી લેવા જવાનો ચાર્જ | ૬૦ રૂ. |
| ૪. | દાદા-દાદીને જમવાની ડિશ આપવાનો ચાર્જ | ૧૦૦ રૂ. |
| ૫. | ફૂલ-છોડને પાણી પાવાનો ચાર્જ | ૧૫૦ રૂ. |
| | (Pay in cash only) Total | ૬૧૦ રૂ. |

રોનક આ યાદી શાક સમારી રહેલા માતાને આપી ત્યાંથી જતો રહ્યો. યાદી વાંચતાં માતાના મુખ ઉપર રંજ સાથેનું હાસ્ય ફરી વળ્યું. તેમણે એક બીજા કાગળમાં લખ્યું,

''દીકરા, તને નવ મહિના પેટમાં ઊંચકી તારી સંભાળ રાખી તેનો ચાર્જ : Nil

તું સાજો-માંદો થયો ત્યારે રાતોની રાતો જાગી સંભાળ રાખી તેનો ચાર્જ : Nil

તને રોજ નવડાવી, સ્વચ્છ કપડાં પહેરાવી તૈયાર કરવાનો ચાર્જ : Nil

તને દરરોજ ભણાવવાનો અને પરીક્ષામાં તૈયારી કરાવવાનો ચાર્જ : Nil

તને દરરોજ રાત્રે નવી નવી વાર્તા કહી વ્હાલથી ગોદમાં સુવડાવવાનો ચાર્જ : Nil

મારા વ્હાલા દીકરા, યાદી તો ઘણી લાંબી છે પણ તેમાં કોઈનો ચાર્જ નથી. આ તો મારી ફરજ છે. તારા માટેનું હૈયાનું હેત, વ્હાલ છે. જેનો આજે પણ નહિ ને ભવિષ્યમાં પણ કોઈ ચાર્જ નથી લેવાનો. કારણ, દીકરા ! હું તારી મા છું. મેં કદી તેનું મૂલ્ય પણ કાઢ્યું નથી. તેથી તેની કિંમત પણ ખબર નથી.''

લિ. તારી મા

બાળ-યુવાપેઢી પોતે કરેલા નવટાંક કામનો માતાપિતા પાસે સરવાળો માંડે છે. જ્યારે માતાપિતા પોતે કરેલા અનંત ઉપકારોને પણ ભૂલી જાય છે. આ બાળપેઢી યુવાન બને છે ત્યારે માતાપિતાને પોતાના ઘરમાં રાખવાના પૈસા માગે છે.

રોનકભાઈના નાના ભાઈ જનકનાં લગ્ન થયે ત્રણ મહિના થયા હતા. એક દિવસ સાંજે રોનકભાઈએ નાના ભાઈને કહ્યું, ''જનક, આટલાં વર્ષો મમ્મી-પપ્પાના બરછટ અને બંધિયાર સ્વભાવને મેં અને તારી ભાભીએ સહ્યા. તેમની વણમાગી સલાહ આપવાના સ્વભાવથી હવે અમે થાક્યાં છીએ. હવે તું એમને લઈ જુદા ઘરમાં રહેવા જતો રહે.'' જનકભાઈએ કહ્યું, ''મોટા ભાઈ, હું શા માટે તેનો શિકાર બનું ? એ કરતાં તો એમને જ કહીએ કે તેઓ જુદા ઘરમાં રહેવા જતાં રહે અથવા વૃદ્ધાશ્રમમાં જતાં રહે. તો પછી આપણે બેયને શાંતિ.''

રાત્રિભોજન બાદ રોનકભાઈએ માતાપિતા આગળ ઉપરોક્ત પ્રસ્તાવ મૂક્યો. ત્યારે તેઓ રડતાં રડતાં બોલ્યાં, ''બેટા, અમારા હાથ-પગ ચાલતા નથી અને આ ઉંમરે જુદા રહેવા જવાનું ? ને ન ફાવે તો વૃદ્ધાશ્રમમાં ? તે કરતાં તો તારા હાથે જ અમને ખોળિયાથી જુદા કરી દે.'' માતાપિતાની વેદના કે લાગણીથી નહિ પરંતુ સમાજની આબરૂએ બંને ભાઈઓએ આ વિચાર માંડી વાળ્યો અને બીજો પ્રસ્તાવ મૂક્યો કે, ''બાપુજી, તમારે જનક પાસે રહેવા જવાનું. એક રૂમ આપી દેશે. તેની બહાર નહિ નીકળવાનું અને તમારાં બેયના ખર્ચા પેટે બે બે હજાર એમ કુલ ચાર હજાર રૂપિયા દર મહિને આપવાના.''

આ સાંભળતાં માતા દીકરાએ ભૂતકાળમાં આપેલા બિલની સ્મૃતિમાં વિહ્વળ બની ગયાં અને કહ્યું, ''હે ભગવાન, જે માબાપ સંતાનના જનક છે અને તેમનામાં રોનક લાવવા જિંદગીભર મથ્યાં, એમની સાથે ઘરમાં જ રહેવાનો ખર્ચો ચૂકવવાનો ? શું થવા બેઠું છે ?'' ''મમ્મી-પપ્પા, હું કાંઈ એમ તમારી લાગણીમાં લેવાવાનો નથી. જો તમારે પાછલી જિંદગીમાં શાંતિથી જીવવું હોય તો આમ કરવું જ પડશે.''

પિતાએ કહ્યું, ''બેટા, જે બાપે તને જિંદગીભર ખભો આપ્યો, કિડની આપી જિવાડ્યો, જે માએ તને ખોળો આપ્યો, લોકોનાં ઘરનાં કામ કરી ભણાવ્યો એમની પાસે તું ઘરમાં રહેવાના પૈસા માગે છે ? દીકરા, તને મહિને ચાર હજાર આપવા કરતાં ચાલીસ રૂપિયાનું ઝેર પેટમાં પધરાવી દેવાનું મન થાય છે.'' ''બાપુજી, તમારી આવી વાતોની અમને કોઈ અસર નહિ થાય. અમને તો ચાર હજારથી હિસાબ છે.'' એટલું બોલી દીકરો ત્યાંથી ચાલ્યો ગયો.

જેની પાછળ પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાખ્યું એવા કાળજાના કટકા સમાન દીકરા માબાપના ઉપકારને વીસરી જઈ તેમની સાથે આવો દુર્વ્યવહાર કરે છે ત્યારે મન ખળભળી ઊઠે છે અને રડતું હૃદય બોલે છે,

''હાય રે, આ બુઢાપાની દશા કેવી કવરાવે છે; વહુ તો ઠીક દીકરો પણ કેવું સંભળાવે છે.''

•••

ડિપ્રેશનનો ભોગ બનેલાં કે મનધાર્યું કરવાવાળાં સ્વચ્છંદી વલણનાં યુવક-યુવતીઓ પોતાની ઇચ્છા ન સંતોષાય અને આત્મહત્યા કરે એ તો રોજના સમાચાર છે પણ દીકરા-વહુના ત્રાસથી માતાપિતાએ કરેલ આત્મહત્યાના સમાચારે મુંબઈ શહેરમાં ખળભળાટ મચાવી દીધો.

બહુમાળી ઈમારતના આઠમા માળે બે કરોડના ફ્લૅટમાં રહેતા માતાપિતાને ઘર જેલ સમાન લાગતું હતું. દીકરા-વહુની ઉગ્ર બોલાચાલી, કટાક્ષ અને દુર્વ્યવહારથી તેઓ કંટાળી ગયાં હતાં. રોજની ત્રાસદાયક ઘટનાઓએ અને અપમાનોએ એક હદ વટાવી જતાં એક દિવસ ૭૫-૮૦ વર્ષના માતાપિતાએ સાથે મળી આઠમે માળથી નીચે પડતું મેલ્યું હતું. જમીન પર પટકાતાંની સાથે જ તેમનાં પ્રાણપંખેરું ઊડી ગયાં.

ઘટના સ્થળે તુરત પોલીસે પહોંચી તલાશ કરી તો લોહીથી તરતા ખિસ્સામાંથી ચિઠ્ઠી મળી. તેમાં લખ્યું હતું, ''પુત્ર-પુત્રવધૂ તરફથી થતા ત્રાસથી કંટાળી અમે આ પગલું ભર્યું છે.'' પોલીસ એ જ ક્ષણે પુત્ર-પુત્રવધૂને હાથકડી પહેરાવી પોલીસ સ્ટેશને સાથે લેતી ગઈ અને ડોસા-ડોસીના અંતિમ વિધિની વ્યવસ્થા કરાવી.

વર્તમાનપત્રોમાં આવી તો કેટકેટલીય સત્ય ઘટનાઓ માતાપિતાના દુઃખદ જીવનની કિતાબ ખોલે છે. જીવનમાં ચેતી જઈએ. આપણા પરિવારની આવી જ કોઈ ઘટના વર્તમાનપત્રોના પાનાંમાં ન છપાય. જીવનમાં ખૂટતી કડી પૂરી લઈએ, થયેલી ભૂલો માટે પશ્ચાત્તાપ કરી લઈએ. પણ હા... સાચો પસ્તાવો એ છે કે જે આંખને રડાવીને કે દિલને સળગાવીને અટકી જતો નથી પરંતુ જીવનને સુધારીને જ રહે છે. એવો સાચો પશ્ચાત્તાપ કરી પાછા વળીએ.

જય સ્વામિનારાયણ...

''મુક્તો ! સાંભળ્યું ? મહારાજે કેટલી સરસ વાત કરી... આકાશ માર્ગે ઊડતાં પહેલાં જમીન પર ચાલતા શીખવું ફરજિયાત છે. તેમ પરભાવના જ્ઞાનને પચાવતા પહેલાં અવરભાવમાં શ્રેષ્ઠ જીવન જીવવું ફરજિયાત છે. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી તેથી જ આગ્રહપૂર્વક કહે છે, 'પરભાવ શોભે છે અવરભાવથી.' અર્થાત્ કારણ સત્સંગી થયા પછી આપણું અવરભાવનું જીવન પણ શ્રેષ્ઠ, આદર્શ, માનવતાના સર્વે ગુણોસભર જોઈએ. જીવ-પ્રાણીમાત્રને વિષે દયા, કરુણા, માનવતા કેળવવાની છે ત્યારે પરિવારના સભ્યો, માતાપિતા પ્રત્યે તો વિશેષ આદર, પ્રેમ, સેવાભાવના જોઈએ. યુવાનો-મિત્રો માટે તેમને રાજી કરવા જેટલો સમય ફાળવો છો એનો અડધો સમય પણ માતાપિતા માટે ફાળવી એમને રાજી કરવાં. આપણા જીવનમાં પણ આવી કંઈ કસર હોય તો આજે જ તેને દૂર કરવાનો દૃઢ સંકલ્પ કરીએ તો મહારાજ અને વ્હાલા ગુરુજી ખૂબ રાજી થશે.''

ગુરુજીનો આ સંકલ્પ યુવાપેઢીમાં દૃઢ થાય, તેઓ માતાપિતાની મહિમાથી સેવા કરે અને સમાજના પ્રેરણારૂપ બને તેવા ઉમદા હેતુથી એસ.એમ.વી.એસ.ના એક સેન્ટરની અઠવાડિક સભામાં પૂ. સંતે ઉપરોક્ત લેખનું વાંચન કરી તેની છણાવટ કરી હતી. લેખના શબ્દોએ યુવકોના હૃદયને વીંધી ભારે પ્રભાવ પાડ્યો હતો.

# ૨ ભૂતકાળની સફરે



સભામાં શ્રોતાગણ તરીકે લાભ લઈ રહેલ કોઈક યુવકોના ચહેરા પર ખુશીની લાગણી તરવરતી હતી, કોઈક થોડા અસમંજસમાં હતા તો કોઈક દુ:ખની ઊંડી ગર્તામાં ખોવાઈ ગયા હોય તેવું જણાતું હતું.

આ સભામાં સત્સંગી યુવક કેયૂરભાઈ પોતાના ખાસ મિત્ર માનવભાઈને સાથે લાવેલા. જેઓ બિનસત્સંગી હતા. પરંતુ મિત્રતાના નાતે ક્યારેક ક્યારેક સભામાં આવતા. સભામાં સંત દ્વારા વંચાયેલ લેખથી માનવભાઈ અંતરથી હચમચી ગયા હતા. માનવભાઈની આંખમાંથી દડ દડ પડતા આંસુઓ સ્ટેજ પર બેઠેલા પૂ. સંતથી અજાણ ન હતા. તેઓ સભા પૂરી થવાની રાહ જોતા હતા.

સભા બાદ અપાતી સૂચનામાં માનવભાઈ માનસિક રીતે હાજર ન હતા. કારણ, તેઓ ભૂતકાળની સફરમાં ડૂબી ગયા હતા.

'આજથી દસ વર્ષ પૂર્વેના માનવમાં ને આજના માનવમાં કેટલો મોટો તફાવત છે ! મને હજુ યાદ છે કે મારા કૉલેજના છેલ્લા વર્ષના ફૅરવેલ ફંક્શનમાં (વિદાય સમારંભમાં) મને યુનિવર્સિટી દ્વારા માતાપિતાની અનોખી સેવા તથા આદર–સત્કાર બદલ 'આધુનિક શ્રવણ' તરીકે બિરદાવતો ગોલ્ડ મેડલ મળેલો. મિત્રો, શાળા તથા કૉલેજના સાહેબો બધા મને વસ્તુ–પદાર્થના નહિ પણ માબાપના ચાહક તરીકે ઓળખતા.

મમ્મી–પપ્પાની સેવા કરવી, તેમને પગે લાગી દિવસની શરૂઆત કરવી એ તો મારા જીવનનો નિત્યક્રમ હતો. મમ્મીને બધા કામમાં મદદ કરવી અને પપ્પા કહે તેમ કરવું એ તો મારો શોખ હતો. એમને રાજી કરવા અને જીવનભર રાજી રાખવા એ મારા જીવનની સાધના સમજતો.

જ્યારે હું નાનો હતો ત્યારે સ્કૂલની અઠવાડિક પરીક્ષા હોય કે વાર્ષિક પરીક્ષા, કોઈ અટપટું કામ હોય કે અટપટી ખેલકૂદ, સ્કૂલમાંથી રિઝલ્ટ મેળવવાનો દિવસ હોય કે કોઈ કૉમ્પિટિશનમાં ભાગ લેવાનો હોય ત્યારે અચૂકથી મારા વૉલેટમાં રાખેલો મમ્મી–પપ્પાનો ફોટો ખોલી ભગવાનની સાથે તેમને પણ પ્રાર્થના કરતો. આ મારો નિત્યક્રમ મારાં લગ્ન થયાં પછી પણ ચાલુ રહ્યો હતો. પણ આ વૉલેટમાંથી ક્યારે મમ્મી–પપ્પાનો ફોટો ખોવાઈ ગયો તેનો ખ્યાલ ન રહ્યો.

મારા જીવનમાં એવા તો કેટલાય પ્રસંગો મને શ્રવણ તરીકે બિરદાવવા માટે સાક્ષી પૂરે છે. હા... હા... હજુ મને બરાબર યાદ છે કે જ્યારે હું ૧૫ વર્ષનો હતો ત્યારે પપ્પાને બિઝનેસમાં બહુ મોટું નુકસાન થયું હતું. એ જ અરસામાં મમ્મી સખત માંદગીના બિછાને હતાં. પપ્પા પાસે મમ્મીની દવાના કે હૉસ્પિટલનું બિલ ચૂકવવા જેટલા પણ પૈસા ન હતા. આવા ખરા સમયે જ સગાંઓએ સ્વાર્થવૃત્તિ દર્શાવી. પપ્પા મને કશું જણાવી નહોતા શકતા. પણ પપ્પાની

ગંભીર તથા ચિંતાગ્રસ્ત મુખાકૃતિ મારું હૃદય કોરી ખાતી હતી.

અચાનક એક રાત્રે ઘરમાં બધા ઊંઘ લેતા હતા. તે વેળાએ હું જાગી ગયો. એક બાજુ મમ્મીના સ્વાસ્થ્યની ભારોભાર ચિંતા તો બીજી બાજુ પપ્પાની આર્થિક રીતે કથળેલી હાલત જોઈ મારું દિલ અત્યંત દ્રવી ઊઠ્યું. મને બીજું તો કાંઈ ન સૂઝ્યું પણ રાત્રિના નાઇટલૅમ્પના અજવાળે મેં હાથમાં કલમ-કાગળ લઈ માબાપના ઋણને અદા કરતી એક કવિતા રચી નાખી.

સવારે ઊઠતાં જ એ કવિતા વાંચી. વાંચતાં વાંચતાં હૃદયબંધ છૂટી ગયો. પ્રભુ મારી માતૃ-પિતૃભક્તિથી રાજી થયા હોય તેમ મને એક પ્રેરણા કરી કે એ કવિતા તું તારા સંગીતના ટીચરને બતાવ. ખરેખર પ્રભુની એ પ્રેરણા અનુસાર કાર્ય કર્યું. મારા સંગીતના ટીચર જશવંત સરને પત્ર લખ્યો હતો તે બરાબર યાદ છે. *

આ પત્ર વાંચી સાહેબની આંખો મારી માતૃ-પિતૃભક્તિથી અત્યંત ભીંજાઈ ગઈ. બસ, મારી માતૃભક્તિ ખાતર જ સાહેબે તાત્કાલિક પોતાના સમાજમાં એક સંગીત કાર્યક્રમ ગોઠવ્યો. તેમાં તેઓએ મેં રચેલી કવિતા ગાઈ સૌ પ્રેક્ષકગણને મંત્રમુગ્ધ કરી દીધા. સૌએ નેત્રમાં આંસુ સાથે તાળીઓના ગડગડાટથી સાહેબને વધાવી લીધા. ત્યારે આ કવિતા તથા તત્કાળ ગોઠવાયેલા પ્રોગ્રામનો રહસ્યસ્ફોટ કરતાં સાહેબે મને તથા પપ્પાને સ્ટેજ પર બોલાવી પ્રેક્ષકોને વાત કરી.

મને આજે પણ એ સ્ટેજ તથા શ્રોતાગણ નજર સમક્ષ તરવરે છે કે હું સ્ટેજ પર બેસી ગયો અને સર્વે પ્રેક્ષકોએ મારો ખોળો પૈસાથી છલકાવી દીધો હતો. જે પૈસાથી મમ્મીની દવા તો થઈ પણ પપ્પાને ધંધામાં પણ ઘણા કામ લાગ્યા.

*

**પ્રિય જશવંત સર,**

**જય ભારત સાથે જણાવવાનું કે, મારાં મમ્મી ગંભીર માંદગીના બિછાને છે. છેલ્લા કેટલાય દિવસથી હૉસ્પિટલમાં ઍડમિટ છે. મમ્મીની આગળ ટ્રીટમૅન્ટ કરાવવાની છે. પરંતુ પપ્પાની આર્થિક પરિસ્થિતિ એટલી કથળી ગઈ છે કે મમ્મીની ટ્રીટમૅન્ટ માટે પણ પૈસા નથી. તો આ સાથે હું એક સ્વરચિત કવિતા આપને મોકલું છું. તે કવિતા આપ વાંચશો. આપને યોગ્ય લાગે તો આપના સંગીત કાર્યક્રમોમાં આ કવિતા ગાવાની કૃપા કરશો. તે દ્વારા આપને જે પૈસા મળે તેમાંથી આપને યોગ્ય લાગે તેટલી મદદ મને કરશો તો હું આપનો અત્યંત ઋણી રહીશ. આપનો ઉપકાર કદી નહિ ભૂલું.**

**લિ. આપનો વિશ્વાસુ વિદ્યાર્થી**
**માનવ એ. રાણપરા**



હું જ્યારે કૉલેજના છેલ્લા વર્ષે યુનિવર્સિટી ફર્સ્ટ (પ્રથમ) આવ્યો ત્યારે મારા કૉલેજના પ્રિન્સિપાલ તથા સમાજના આગેવાન સાહેબ રમેશભાઈ મારાથી ખૂબ પ્રભાવિત થયા. મારું ઘર સામાન્ય હોવા છતાંય રમેશભાઈએ પપ્પાને ફોન કરી પોતાની સુશિક્ષિત દીકરી સાથે મને પરણાવવા પ્રસ્તાવ મૂક્યો.

મારી તેમની સાથેની પ્રથમ મુલાકાત વખતે જ મેં તેમને કહી દીધું હતું કે, આપણા સંબંધો આગળ વધારવા માટે હું તૈયાર છું પણ મારે તમારી સાથે થોડી સ્પષ્ટતા કરવી જ રહી કે હું તમારી જેમ આધુનિક ખ્યાલો ધરાવું છું પણ મમ્મી-પપ્પાની બાબતમાં હું કદી બાંધછોડ નહિ કરી શકું. તેમાં તમારે પણ સાથ-સહકાર આપવાનો રહેશે. આ પૃથ્વી પર મારા માટે મારા મમ્મી-પપ્પાથી અધિક કોઈ નથી. માટે પહેલાં મારાં માબાપ પછી હું. હું એની સાથે જ પરણીશ જે મારા માબાપની સાથે રહે, તેમની સેવા કરે ને એમની લાગણીને સમજે. મને મારાં માબાપ મારાં વ્યક્તિગત સુખો કરતાં પણ વધુ વ્હાલાં છે, માટે તમે સમજી-વિચારીને જ આગળ નિર્ણય લેજો. તેણીએ મારા આ પ્રસ્તાવને સંમતિ ન આપી તો મેં તેમને છોડી દીધાં પણ...' માનવભાઈ પોતાના સમૃદ્ધ ભૂતકાળને વાગોળતા હતા તે જ વખતે તેમના ખભા પર કોઈએ હાથ મૂક્યો હોય તેમ લાગ્યું. માનવભાઈ ઝબકી ગયા. પાછળ જોયું તો પૂ. સંત હતા.

પૂ. સંત માનવભાઈ સાથે વાતચીત કરે તે પૂર્વે કેયૂરભાઈ પોતાની હાજરીની સેવા પૂર્ણ કરી ત્યાં આવી પહોંચ્યા અને માનવભાઈનો પરિચય કરાવ્યો. પૂ. સંત માનવભાઈના રડમસ ચહેરા પરથી તેમની મનોવ્યથા કંઈક અંશે કળી ગયા. પૂ. સંતે તેમને સાંત્વના આપવા બરડા પર હસ્ત પ્રસરાવ્યો અને પૂછ્યું, "કંઈ ઊંડા વિચારમાં છો ? શું થયું ? જે હોય તે કહીને હળવા થઈ જાવ."

માનવભાઈના ગળે ડૂમો ભરાઈ ગયો. તેઓ કશું બોલી ન શક્યા. પણ પૂ. સંતનું આટલું નિકટનું સાંનિધ્ય, તેમનો આગવો સ્નેહ માનવભાઈને વધુ ખળભળાવી ગયો. તેઓ પૂ. સંતના ચરણમાં માથું નમાવી કશો જવાબ આપ્યા વગર રડમસ ચહેરે ઘર ભણી ચાલી નીકળ્યા.

मा घर का गौरव तो पिता घर का अस्तित्व होते है ।
मा के पास अश्रुधारा तो पिता के पास संयम होता है ।
दोनो समय का भोजन मा बनाती है ।
तो जीवनभर भोजन की व्यवस्था करनेवाला पिता होता है ।
कभी चोट लगे तो मुंह से मा निकलता है ।
रास्ता पार करते वक्त कोई पास आकर ब्रेक लगाये
तो बाप रे ही निकलता है ।
क्योंकि छोटे छोटे संकट के लिये मा याद आती है ।
मगर बडे संकट के वक्त पिता याद आता है ।
पिता मुख्य वटवृक्ष है जिसकी शीतल छांव में
संपूर्ण परिवार सुख से रहता है ।

# 3 યે હૈ મેરી દાસ્તાન



પ્રતિ પૂ. સંતશ્રી,

અંતરથી દંડવત્ પ્રણામ સહ જય સ્વામિનારાયણ...

આ સાથે જણાવીશ કે, સૌપ્રથમ તો ગઈ કાલ રાત્રે આપશ્રીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર હું આપી ન શકયો એ બદલ મને દરગુજર કરશોજી. આજે આ પત્ર દ્વારા હું પૂરેપૂરો ઉત્તર આપવા પ્રયત્ન કરીશ.

દયાળુ, ગઈ કાલે સભામાંથી ઘરે આવ્યો, પ્રભુસ્મરણ કરી પથારીમાં આડેપડખે થયો. પણ ઘેરાયેલી આંખોમાંથી ઊંઘ ઊડી ગઈ હતી. વિચારોના ઘમસાણમાં આખી રાત ક્યાં વીતી ગઈ તેનો ખ્યાલ ન રહ્યો. આજે રવિવાર છે. દર રવિવારે તો હું ઑફિસમાં રજા હોવાના કારણે ૯ વાગ્યે ઊઠું છું પણ આજે સવારે ૬ વાગ્યે ઊઠી પ્રાત: ક્રિયાથી પરવારી 'મારે ઑફિસનું થોડું કામ છે' એમ કહી ઘરની અગાસી પર ચડી આપને પત્ર લખી રહ્યો છું.

મારા મનમાં આખી રાત મચેલા વિચારોના ઘમસાણને શબ્દો દ્વારા કાગળ પર વ્યકત કરવા પૂરેપૂરો પ્રયત્ન કરીશ. મારા વિચારોની દુનિયાને, મારા પરિવારની દાસ્તાનને આપની આગળ રજૂ કરતાં મને સહેજ પણ સંકોચ અનુભવાતો નથી. કારણ, મોટાપુરુષ તથા આપશ્રી મારા જેવા અનેક યુવકોના અનંત પ્રશ્નોના સમાધાનકારક ઉત્તર બનીને રહ્યા છો એવો અભિપ્રાય મને મારા ખાસ મિત્ર કેયૂરભાઈ કે જે આપના સત્સંગી છે તેમના તરફથી મળેલ છે. ત્યારે મને પણ વિચાર થયો કે ભગવાન સ્વામિનારાયણ તથા મોટાપુરુષની કૃપાથી આપ મને પણ યોગ્ય રાહ ચીંધશો એવી આશા સહ આજે આપની આગળ મારા પરિવારની દાસ્તાન ખોલું છું.

આજથી દસ વર્ષ પૂર્વે જ્યારે હું કૉલેજના છેલ્લા વર્ષમાં હતો ત્યારે મારા જીવનમાં માતાપિતાની સેવા, આદર તથા શુશ્રૂષા સંબંધિત સંખ્યાબંધ પ્રસંગોને ધ્યાન પર લઈ મારી કૉલેજના ફૅરવેલ ફંકશનમાં (વિદાય સમારંભમાં) મને 'આધુનિક શ્રવણ'નું બિરુદ આપી ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવેલો.

મને બરાબર યાદ છે કે મારે જીવનસાથીની પસંદગી કરવાની વાત આવતી ત્યારે તેમની પાસે પણ પહેલાં આ જ પ્રસ્તાવ મૂકતો. પ્રભુઇચ્છાથી થોડા સમય બાદ મારાં લગ્ન થયાં. લગ્ન થયાનાં ત્રણ વર્ષ સુધી તો બધું એકદમ બરાબર ચાલ્યું. મારી જેમ મારાં પત્ની પણ સાસુ-સસરાના સંબંધો ભૂલી સગાં માબાપ સમજીને સેવા-શુશ્રૂષા તથા આદર-સત્કાર કરતાં. ઘરમાં હૂંફાળું અને પ્રેમભર્યું વાતાવરણ રહ્યા કરતું. પણ પ્રભુની ઇચ્છા શું હશે ! ધીરે ધીરે પરિવારમાં કુસંપ અને સ્વાર્થભર્યું વાતાવરણ સર્જાવા લાગ્યું.

મારી આખી રાતના મનન-મંથન પછીના તારણોમાંનું સૌથી મોટું તારણ એ છે 'જનરેશન ગૅપ'. મમ્મી-પપ્પા સાઈઠી વટાવી ચૂકયાં છે. જ્યારે હું છું ૩૩ વર્ષનો. ઘોડાગાડીના યુગમાં જન્મેલાં મારાં માબાપ અમારા જેવા કમ્પ્યૂટર યુગમાં જન્મીને ઊછરેલાને કેવી રીતે સમજી શકે ? પરિણામે નાની નાની બાબતમાં પણ મારી અને મારા પત્નીની સાથે મતભેદ થયા કરે છે. અંતે ઘર્ષણો અને સંઘર્ષોની હારમાળા ચાલુ રહે છે.

દરેક વ્યવહારમાં, અમારી બહોળી વિચારધારામાં, દરેકે દરેક નિર્ણયોમાં; ટૂંકમાં દરેક બાબતોમાં મમ્મી-પપ્પાને સદીઓ પૂર્વેનાં અભિપ્રાયો-દૃષ્ટાંતો તથા વણમાગી સલાહો આપવાની ટેવ પડી ગઈ છે. એમની આ રીત અમારા માનસમાં તેમના પ્રત્યે નફરત-ઘૃણા ઉપજાવે છે, એકબીજાથી અંતર જુદાં કરે છે, વૈમનસ્યની દીવાલ ચણે છે તેની તેમને કયાં ખબર પડે છે ?

બીજી મારે આપશ્રીને એક મહત્ત્વની વાત કહેવી છે કે, જ્યાં સુધી અમારા ઘરે બાળકનો જન્મ નહોતો થયો ત્યાં સુધી તો અમે બંને મમ્મી-પપ્પાની આગળ સંતાન થઈને રહેતાં. એમને પૂછી પૂછીને જ બધું કરતાં પરંતુ આજે હું એક પાંચ વર્ષની દીકરીનો બાપ છું. ત્યારે હજુ પણ અમને અમારા કોઈ નિર્ણયો સ્વતંત્ર રીતે લેવાની મંજૂરી આપતા નથી. 'હજુ તમે નાના છો, તમને ખબર ન પડે, વ્યવહારમાં તો પીઢતા જોઈએ.' એમ કહી કહીને ચૂપ કરી દે.

થોડા સમય પહેલાં મારા નિકટના સગાંને ત્યાં લગ્ન હતાં. તેમને ત્યાં સહકુટુંબ જવાનું આમંત્રણ હતું. મેં અને

મારા પત્નીએ તેમને ચાંદલા રૂપે સોનાનો એક દાગીનો આપવાનું વિચાર્યું. હજુ તો અમે ઘરમાં મમ્મી-પપ્પાને જાણ કરીએ તે પૂર્વે બંને બજારમાં જઈ સાવ સાદાં ને સસ્તાં કપડાં ખરીદી લાવ્યાં. હું અને મારાં પત્ની સમસમી ગયાં પણ કશું કહી ન શકયાં. આ વાત એટલેથી જ ન અટકી પણ લગ્નના બે દિવસ પૂર્વે પપ્પાએ મને બોલાવીને મીઠી ભાષામાં કહી દીધું કે, "બેટા, તારે લગ્નમાં ન આવવું હોય તો રહેવા દે. ખોટી રજાઓ રાખીને પગાર જ કપાવાનો ને ! હું ને તારી મમ્મી જઈ આવીશું." આમ, મીઠી મીઠી વાતો કરી પોતાનું ધાર્યું જ કરે છે પણ હવે મમ્મી-પપ્પાએ સમજવું જોઈએ કે તેઓ કેટલાં વર્ષ જીવવાનાં છે ? પાછળ વ્યવહાર અમારે જ સંભાળવાના છે ને ! હવે તેમને માળા ફેરવીને પ્રભુસ્મરણ કરવાનો અવસર આવ્યો છે ને અમારે વ્યવહાર સંભાળવાનો. પણ શું કરું એમને ગળેથી વ્યવહાર છૂટતો જ નથી. આપ જ કહો, આ સ્વતંત્રતાના યુગમાં કયાં સુધી અમે બંધનમાં જીવીએ !!!

હજુ એક બહુ મહત્ત્વની વાત કહું તો હું જ્યારે બાપના સ્થાને બેઠો છું ત્યારે હું દઢપણે કહું છું કે માબાપ તરીકે સંતાનો પરત્વે સમાન દૃષ્ટિ હોવી ફરજિયાત છે. જો બે સંતાનો માટે પણ માબાપની દૃષ્ટિ ટાઢી-ઊની હોય તો એ ઘર કેવી રીતે ચાલે ? મમ્મી-પપ્પા રહે છે મારી સાથે અને ઘર ભરે છે બહેનનું.

કોરોના મહામારીના સમયમાં મારા બનેવી આર્થિક ભીંસમાં હતા. અમારે પણ થોડી ભીંસ હતી. કારણ, મારો અને મારા પત્નીનો અડધો પગાર જ આવતો છતાં પણ સગી બહેનના નાતે મેં બનેવીને ઘણી મદદ કરી. બહેન જ્યારે વૅકેશનમાં આવી ત્યારે મમ્મીએ હમદર્દી દાખવવા બહેનને પોતાના રૂમમાં લઈ જઈ પોતાના કાનમાંથી ૬૦ હજાર રૂપિયાની સોનાની બુટ્ટી કાઢીને આપી દીધી. જે બુટ્ટી મારા પત્નીએ પોતાના પગારમાંથી મમ્મીને કરાવી આપેલી.

હવે તમે જ કહો, મમ્મી-પપ્પાના વિચિત્ર સ્વભાવને કદાચ હું તો નિભાવી લઉં પણ આવું વર્તન મારાં પત્ની કેવી રીતે સહી શકે ? બસ, આ પ્રસંગ પછી મારાં પત્ની અને મમ્મી વચ્ચે બહુ મોટી દીવાલ ખડી થઈ ગઈ છે. મારા ઘરની વર્તમાન પરિસ્થિતિ એટલી વણસેલી છે કે નાની નાની બાબતમાં ઘરમાં રોજ ઝઘડા થાય, સામસામે બોલાચાલી થાય. કોઈ એકબીજાને સમજવા તૈયાર જ નથી. દિન-પ્રતિદિન મમ્મી-પપ્પાના સ્વભાવ બગડતા જાય છે. મને સાંજ પડ્યે ઑફિસેથી ઘરે આવતાં આનંદને બદલે દુ:ખ થાય છે તો સામે વારંવાર કોઈ પણ બહાનું કાઢી પત્ની બાળકોને લઈ પિયર ચાલ્યાં જાય છે.

આ પરિસ્થિતિનો કંઈક તો નિવેડો લાવવો પડશે એવું વિચારી મેં નક્કી કર્યું હતું કે અમે બંને જુદાં રહેવા જતાં રહીએ પણ અત્યારે કોરોનાને લીધે મંદીનું પ્રમાણ બહુ છે, પપ્પાને કમાણીનું કોઈ સાધન નથી. તેથી આ મોંઘવારીના સમયમાં બે ઘરના ખર્ચા પોસાય તેમ નથી તો હવે એક જ વિકલ્પ બચ્યો છે : "વૃદ્ધાશ્રમ."

વૃદ્ધાશ્રમનો વિચાર સુધ્ધાં મને હચમચાવી દે છે. શ્રવણ જેવો દીકરો માબાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવશે ? પણ હું શું કરું ? ખરેખર, હું મમ્મી-પપ્પાના વર્તનથી ત્રાસી ગયો છું. નથી હું મમ્મી-પપ્પાને કંઈ કહી શકતો કે નથી મારા પત્નીને સમજાવી શકતો. મારી દશા આ બંને વચ્ચે સૂડી વચ્ચે સોપારી જેવી થઈ છે. મમ્મી-પપ્પા હવે ખર્યું પાન છે. તેમનો મને કેવો ને કેટલો સાથ ? હું તો કદાચિત્ ગળી જઉં, તેમને નિભાવી લઉં પણ બિચારા મારા પત્નીનો શું વાંક ? માટે કમનેય હવે મને એક જ વિકલ્પ જણાય છે – વૃદ્ધાશ્રમ. હું આ નિર્ણય પર અડગ થવા જઈ રહ્યો હતો એટલામાં ગઈ કાલે તમારી સભા સાંભળી.

સભા સાંભળ્યા પછી હવે હું જબરજસ્ત દ્વિધામાં છું કે ખરેખર મારે શું કરવું જોઈએ ? માબાપની સાથે રહી ત્રાસભરી જિંદગી જીવવી કે વૃદ્ધાશ્રમમાં મૂકી આવવાં ? આપ આ અંગે યોગ્ય માર્ગદર્શન આપશો એવી આશા સહ...

લિ. આપનો વિશ્વાસુ

માનવ એ. રાણપરા

માનવભાઈએ બપોરે ૧૧:૩૦ વાગ્યે પત્ર પૂર્ણ કરી પોતાના મિત્ર કેયૂરભાઈ દ્વારા પૂ. સંતને પહોંચાડ્યો. પૂ. સંતે પત્ર વાંચી સોમવારે માનવભાઈને મંદિરે બોલાવ્યા.

**પૂ. સંત :** જય સ્વામિનારાયણ, માનવભાઈ. આવો... આવો બેસો.

**માનવભાઈ** (ચરણસ્પર્શ કરીને) **:** જય સ્વામિનારાયણ.

**પૂ. સંત :** સેવકે (મેં) આપનો પત્ર વાંચ્યો. માનવભાઈ, તમારા પત્રના તારણરૂપ હું એક જ વાત કહું છું કે ગમે તેવાં હોય તોય તમારાં માબાપ છે.

(માનવભાઈ કંઈક જવાબ આપે તે પહેલાં પૂ. સંત ફરીથી બોલ્યા...)

ભાઈ, માબાપ ભલે ઘોડાગાડીના યુગમાં જન્મ્યાં પણ તમારા માટે તો જન્મદાતા અને જીવનદાતા બન્યાં છે ને ! જન્મતાવેંત તમને અનાથાશ્રમમાં મૂકી આવ્યા હોત તો ? તમને ભણાવ્યા જ ન હોત તો ? તમે એટલું જ વિચારો કે પૃથ્વી પર જન્મ લેનાર દરેક મનુષ્યને સુખમાં, આનંદમાં જ રાચવું ગમે છે પણ જેના પરમ ઉપકારોથી આપણે સુખચેનથી આ મનુષ્યજન્મ વિતાવી રહ્યા છીએ એવાં માબાપ પરત્વે આપણે કેમ બેદરકાર છીએ ?? દરેક મનુષ્યનું જીવન તેના માબાપને આભારી છે. તેમાં તમો પણ આવી ગયા, ખરું ને ??

**માનવભાઈ :** તમારી વાત સાવ સાચી છે પણ માબાપની હરકતો તથા વિચિત્ર સ્વભાવો સાથે જીવન કેવી રીતે પસાર કરવું ??

**પૂ. સંત :** શું માત્ર માબાપનો જ વાંક હશે ? એક હાથે તાળી ન પડે. તમો જે વૃદ્ધાશ્રમનો વિચાર કરો છો તે તદ્દન અયોગ્ય છે. આજના યુવાનો પોતાની બુદ્ધિ અને હોશિયારી વડે માબાપ સાથે દુર્વ્યવહાર કરી એમની આંતરડી કેવી કકળાવતા હોય છે ! માતાપિતાના સ્વભાવો સાથે અનુકૂલન ન સાધી શકતા તથા સેવાથી ભાગતા યુવાનો માબાપને વૃદ્ધાશ્રમમાં ધકેલી અજાણતાં પોતાના માટે પણ વૃદ્ધાશ્રમનાં દ્વાર ખોલી નાખે છે. આવી પંક્તિમાં તમારે પણ આવવું છે ??

(પૂ. સંતનો કડકાઈભર્યો ઉપદેશ સાંભળી માનવભાઈ થોડા ઠંડા પડ્યા.)

વધુ તો હું તમને શું કહું ? આ તમારા વ્યવહારિક પ્રશ્નો છે પણ યુવક સભાના દિવસે છેલ્લે દર્શન કરીને જતી વખતે આપણા એક હરિભક્ત જે વકીલ છે તેમણે મને માબાપ અને સંતાનો વચ્ચેના સંબંધો સંબંધિત તેમની પાસે આવેલા કેસ તથા સાંભળેલા, અનુભવેલા પ્રસંગોની એક નોંધપોથી આપી હતી. આ નોંધપોથી વાંચી મારું હૃદય દ્રવી ઊઠ્યું. તમે પણ આ લઈ જાવ અને વિચારજો. તમે એ હરિભક્તને જરૂરથી મળજો. તમને યોગ્ય માર્ગદર્શન આપશે; પણ મારી એટલી વિનંતી છે કે તમે જે કંઈ નિર્ણય લો તે વિચારપૂર્વક લેજો.

**માનવભાઈ** (ઠંડા કલેજે) **:** ઠીક છે સ્વામીજી, આપની વાતને હું ધ્યાન પર રાખીશ તથા વકીલ હરિભક્તને પણ મળીશ.

**પૂ. સંત :** અને હા, તમે આપણી SMVS યૂ-ટ્યૂબ ચૅનલ પરથી બાપાશ્રી મહોત્સવ અન્વયે તા. ૨૨-૧૧-૨૦૨૦ના રોજ ઊજવાયેલ બાળ-વાલી સંમેલન અચૂકથી સાંભળજો. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણી દ્વારા તમને સાચી દિશા મળશે.

(માનવભાઈ પૂ. સંતનાં દર્શન કરી ઘરે જવા નીકળ્યા.)

# ૪ વકીલશ્રીની નોંધપોથી



"છે જીવનની ઘટમાળ એવી, જે ક્યારેક હસાવે ને બહુધા રડાવે;
હે પ્રભુ ! ઘટના એવી ન ઘટો જીવનમાં, કે લોહીના સંબંધો પણ રડાવે."

આ મુક્તક વાંચતાં મારી વકીલાતની પ્રૅક્ટિસ દરમ્યાન માતાપિતા અને સંતાનો વચ્ચેના લોહીના સંબંધોમાં કેવી સારી–નરસી ઘટનાઓ બનતી હોય છે તે આંખ સામે તરવરવા માંડી. જેમાંની કેટલીક નજરે જોયેલી–સાંભળેલી હતી તેને આલેખું છું :

**૧. એક વૃદ્ધાશ્રમની કાયદાકીય કાર્યવાહી માટે ગયો હતો ત્યારે પ્રમુખ સવજીકાકાની જોયેલી જીવન ઘટના**

સવજીકાકાનો દીકરો રાહુલ આઠ વર્ષનો હતો ત્યારે સવજીકાકાનાં પત્ની મૃત્યુ પામ્યાં. અપર મા રાહુલને ન સાચવે તો ? આ બીકે તેમણે બીજું લગ્ન ન કર્યું. માતાપિતાની બેવડી ભૂમિકા ભજવી હૈયાના હેતથી દીકરાને ભણાવી–ગણાવી એન્જિનિયર બનાવ્યો. દીકરાનાં સુખી ઘરની કન્યા સાથે લગ્ન કરાવ્યાં. સવજીકાકાને અંતરે હાશ થઈ કે હવે સુખના દિવસો શરૂ થશે પણ એ જ દુ:ખના દિવસનાં મંડાણ હતાં. થોડા દિવસોમાં જ કટુ વચનનો વરસાદ અને અપમાનની ઝડી વરસવા લાગી.

એક દિવસ સવારે પુત્રવધૂ તાડૂકી, "સાંભળી લો, મારે ઘરમાં આ ડોસો ન જોઈએ. કાં તો એ નહિ અને કાં તો હું નહીં." પત્નીની ચડામણીથી રાહુલે પહેર્યા કપડે પિતાને ઘરની બહાર ધક્કો મારી દીધો. દરવાજા વાસી દીધા. બિચારા સવજીકાકા ક્યાં જાય ? પડતા–આખડતા વૃદ્ધાશ્રમ તરફ ડગ માંડ્યાં. 'ઢળતી સંધ્યાએ' નામના વૃદ્ધાશ્રમમાં પ્રવેશ લીધો.

મળતાવડા અને મહેનતુ સ્વભાવના કારણે સવજીકાકા થોડા દિવસમાં સેટ થઈ ગયા. સુપરિન્ટેન્ડેન્ટ અચાનક બીમાર પડ્યા. તેમના મૃત્યુ બાદ સવજીકાકાએ વહીવટીય હવાલો સંભાળી પ્રમુખપદ સ્વીકાર્યું.

પચ્ચીસ–ત્રીસ વર્ષનાં વહાણાં વીતી ગયાં. એક દિવસ સમી સાંજે ૫૫ વર્ષીય દંપતી આવ્યાં અને વૃદ્ધાશ્રમમાં રાખવા વિનંતી કરતાં કહ્યું, "મેં મારા દીકરાને એમ.બી.બી.એસ. ડૉક્ટર બનાવ્યો. લગ્ન કર્યે હજુ બે મહિના થયા છે. ફોરવર્ડ પુત્રવધૂની ચડામણીથી અમને ઘરની બહાર કાઢી મૂક્યાં છે." સાથે રહેલાં બહેન બોલ્યાં, "મારી ચડામણીથી મારા પતિએ બાપુજીને આ જ રીતે ઘરની બહાર કાઢી મૂક્યા હતા. કદાચ એનું જ આ ફળ અમે ભોગવીએ છીએ."

સવજીકાકા મૌન રહ્યા. આસિસ્ટંટ પાસે રહેવાની વ્યવસ્થા કરાવી રાત્રે આવકાર સભા ગોઠવવાનું સૂચન કર્યું. રાત્રે બધા ભેગા થયા ત્યારે આસિસ્ટંટ સવજીકાકાને બોલાવવા તેમના રૂમમાં ગયા તો પલંગ ઉપર તેમનો નિશ્ચેતન દેહ પડ્યો હતો. બાજુમાં પત્ર લખ્યો હતો : 'મારો અંતિમ વિધિ આગંતુક દંપતી પાસે કરાવજો.' તેઓ બીજું વિશેષ વાંચી જ ન શક્યા.

બીજા દિવસે અંતિમ વિધિ બાદ શોક સભા ગોઠવાઈ. તેમાં સવજીકાકાએ લખેલ અંતિમ પત્ર વાંચ્યો કે, 'મારા વૃદ્ધ મિત્રો, મને મારા એકના એક દીકરાએ વહુની ચડામણીથી ઘરની

બહાર કાઢી મૂક્યો હતો એ દિવસે જેટલું દુઃખ નહોતું થયું એટલું દુઃખ આજે થાય છે કારણ કે એ જ દીકરો અને પુત્રવધૂ એવી હાલતમાં આજે અહીં આવ્યાં છે. એ આઘાતથી મને છાતીમાં સખત દુખાવો ઊપડ્યો છે. લાગે છે હવે હું જીવી નહિ શકું. અગ્નિદાહ એના હાથે અપાવજો.' સવજીકાકા બાદ તેમના દીકરા રાહુલભાઈએ એ જ વૃદ્ધાશ્રમનો કારોબાર સંભાળ્યો.

**૨. એક દંપતી ડૉક્ટરને મળવા ગયાં હતાં. તેમનો મેં સગાં કાને સાંભળેલો વાર્તાલાપ**

''સાહેબ, મર્સિકિલ માટેનું એક ઈન્જેક્શન આવે છે તે કેટલાનું આવે છે ? અને ક્યાં મળે ?''

''કેમ ? શું કામ છે ?''

''સાહેબ, બુઢ્ઢા બાપાની સેવા કરી કંટાળ્યા. પેરાલિસિસ થઈ ગયો છે. ત્રણ ત્રણ વરસથી બધું ખાટલામાં જ થાય છે. બસ, હવે બહુ થયું. એક ઈન્જેક્શન આપી દઈએ એટલે ખેલ ખતમ.''

''ગમે તેમ તોય તમારા જન્મદાતા પિતા છે. તેઓ બીજી બધી રીતે સ્વસ્થ છે. આ રીતે ઈન્જેક્શન આપી મારી નાખવા તે તો ગુનો કહેવાય.''

''સાહેબ, તમે તૈયાર છો ? એટલું બોલો. અને જો મારા પતિની પણ હિંમત ન ચાલતી હોય તો મેં પૉઇઝનની બૉટલ મંગાવી રાખી છે, હું કામ પતાવી દઈશ.'' ડૉક્ટર તેમની વાત ત્યાં જ અધૂરી મૂકી ''મારાથી એ તો નહિ બને અને તમને પણ નહિ કરવા દઉં.'' એટલું છેલ્લું વાક્ય સંભળાવી ત્યાંથી ચાલ્યા ગયા.

**૩. એક વૃદ્ધ વિધવા ડોસીના મૃત્યુ વખતે તેમની ડાયરીમાંથી મળેલ ચિઠ્ઠી**

શિક્ષિકા તરીકે નોકરી કરી તેમણે પોતાની મરણમૂડી ભેગી કરી હતી. દીકરા અને વહુએ તેમની પાસે સહી કરાવી તે મૂડી પચાવી પાડી અને અડધી રાત્રે ઘરની બહાર કાઢી મૂક્યાં. ધાબા પર ચડવાની સીડી નીચે ઢાળિયામાં પતરાની આડાશ મૂકી ઘર બનાવી તેઓ રહે છે. લોકોના ઘરનાં કામ કરી પેટગુજારો કરે છે. તેમણે પોતાના અંતરની વ્યથા પ્રભુપ્રાર્થના રૂપે લખી હતી. તે તેમના જ શબ્દોમાં જોઈએ :

''હે ભગવાન ! ચોપડીના શિક્ષણથી શિક્ષિત પણ માનવતા અને લાગણીથી અજ્ઞાત આજની દીકરી લગ્ન કરી પુત્રવધૂ બને છે એ સાથે ચાર ફેરામાં જ એને કોણ જાણે કયો રોગ લાગુ પડી જાય છે ? સાસુનાં નામ અને સંબંધથી તેના મનમાં નફરત, ઘૃણા, અવગણના, ઝઘડા અને કંકાસ સ્ફુરવા માંડે છે. સ્વાર્થવૃત્તિ, પૈસાનો લોભ, સત્તાનું જોર, સ્વતંત્રતાના વાઈરસ એકાએક તેના મન, વિચાર અને બુદ્ધિમાં, રગેરગમાં ફેલાઈ જાય છે. આ બુદ્ધિનો કે મનનો કોનો રોગ છે ? પ્રભુ, કાંઈ સમજાતું નથી. હે પ્રભુ ! હવે તમે કૅન્સર, એઇડ્સ કે કોરોનાની દવા મોડી શોધશો તો ચાલશે પણ આ મહારોગની દવા કે વૅક્સિન આપને જે શોધવું હોય તે જલદી શોધો. મારા જેવી વિધવા કે સધવા દુખિયારી કેટલીય માતાઓ દીનકઢણીની જેમ એક એક દિવસ દુઃખ અને વિષાદ સાથે પસાર કરે છે. જાણે કે ચારેબાજુ વૈશ્વિક લોહીની લાગણીના સંબંધનું ભીષણ યુદ્ધ રચાયું હોય કે શું ? પ્રભુ ! આમાંથી હવે તું એક જ બચાવજે...

હે પ્રભુ ! વહુ જ્યારે દીકરીના ભાવમાં હોય ત્યારે 'મા'ને કંઈ દુઃખ પડે કે મા ઓશિયાળી થઈ એવી ખબર પડે તો કેવી દુઃખી થઈ જાય છે અને એ જ દીકરીને સાસુને વિતાડવામાં કોઈ ઉચાટ કે ખચકાટ નહીં. હે પ્રભુ ! કાલે એનો વારો સાસુ બનવાનો નહિ આવે ? એટલું જ નહિ, લગ્ન પહેલાં 'મા... મા...' કરતો દીકરો પણ ચાર ફેરા ફરતાંની સાથે બદલાઈ જાય છે. બસ, બધી મિલકત પોતાના નામે કરાવવાનું ભૂત સવાર થઈ જાય છે. હે પ્રભુ ! માબાપ શું પરાયા છે ? એને નહિ તો કોને આપશે ? તોય આવો લોભ ? એમની અપેક્ષાઓ મોટી હોય છે પણ ફરજને નામે શૂન્ય હોય છે. સ્વાર્થીપણું ને પૈસાની લાલચ તો જાણે તેમના લોહીના લયમાં ભળી ગઈ હોય તેવું લાગે છે.

હે પ્રભુ ! હકની મારામારી તો અદાલતમાં હોય. ઘર તો કર્તવ્યપણાના ખ્યાલથી શોભે છે. પણ કોણ એમને

સમજાવે ? ક્યારેક તો પુત્રવધૂ શાંતિ હોય ત્યાં અશાંતિ સર્જવી, સમાધાન હોય ત્યાં સમસ્યા ખડી કરવી, સ્નેહભાવ હોય ત્યાં દ્વેષભાવ ઠાલવવો આ તો જાણે તેના જીવનના અભ્યાસક્રમમાં લઈને આવતી હોય તેવું લાગે છે. દીકરાઓ પણ તેની ભેગા ભળી જઈ માવતર પાસે વળતર માગે છે. હે પ્રભુ ! એવું થાય છે કે આવા કૃતઘ્ની દીકરાઓને જન્મ આપવા કરતાં તું વાંઝણી રાખે એ વધુ સારું.''

### ૪. પોતાના માબાપનું જતન કરવાની પ્રેરણા આપતી સત્ય ઘટના

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની કથાવાર્તામાંથી સાંભળેલ કોર્ટની સત્ય ઘટના. જેણે મારા રોમ રોમ પુલકિત કરી મારા માતાપિતાની પણ એવી સેવા કરવાની પ્રેરણા આપી હતી.

એક દિવસ કોર્ટમાં વિશ્વનો અનોખો કેસ આવ્યો. કાશ દરેક ઘરમાંથી આવા જ કેસ આવે. કોર્ટમાં મોટેભાગે જમીન, મકાન, મિલકત, ખૂનના, ઝઘડાના જ કેસ આવતા હોય છે. પણ આ કેસ તો જુદો જ હતો.

એક ૭૦ વર્ષના ભાઈએ તેમના ૮૦ વર્ષના મોટા ભાઈ ઉપર કેસ કર્યો હતો. નાના ભાઈએ જજશ્રી સમક્ષ પોતાનું બયાન રજૂ કર્યું : ''મારી માતા ૧૧૦ વર્ષનાં છે. મારા મોટા ભાઈ ૮૦ વર્ષના છે. તેઓ પોતાની સંભાળ પણ માંડ રાખી શકે છે. તો મારી માતાની સંભાળ કેવી રીતે રાખી શકે ? વળી, મારી માતા ૪૦ વર્ષથી તેમની પાસે રહે છે. હવે તેઓ અશક્ત બન્યા છે તો 'મા'ની સેવા કરવાનો મોકો મને મળવો જોઈએ. મેં ૧૫-૧૫ દિવસના સેવાના વારા કરવાના કહ્યા તો એમાં પણ તેઓ તૈયાર નથી.''

મોટા ભાઈએ પોતાનું બયાન રજૂ કરતાં કહ્યું, ''મારી મા એ જ મારું સુખ છે. હું મારા સુખને કેવી રીતે મારાથી જુદું કરી શકું ? અગર મારી મા કહે કે હું તેમની બરાબર દેખભાળ નથી રાખતો, તેમને તકલીફ પડે છે તો ખુશીથી નાના ભાઈ પાસે જઈ શકે છે. મને મંજૂર છે.''

બંને ભાઈઓનાં બયાન સાંભળી જજ સાહેબ પણ સ્તબ્ધ થઈ ગયા. કોની તરફેણમાં જવાબ આપવો તેની વિમાસણમાં તેઓ પડ્યા. તેથી તેમણે તેમના માતુશ્રીને જ પૂછ્યું, ''આપ કયા દીકરાની સાથે રહેવા ઈચ્છો છો ?'' વ્હિલચૅર પર બેઠેલાં કમજોર થઈ ગયેલાં માતુશ્રીએ કહ્યું, ''જજ સાહેબ, હું એક મા છું. મારે મન તો બેય દીકરા સમાન છે. ડાબી-જમણી આંખ છે. એકનું નામ આપી હું બીજાનું દિલ દૂભવી નહિ શકું.'' તેઓ ધ્રૂજતા અવાજે બોલે જતાં હતાં, ''સાહેબ, તમે જજ છો. તમારો ચુકાદો મને મંજૂર છે.''

છેવટે જજશ્રીએ ભારે હૈયે ચુકાદો આપ્યો કે, ''મોટા ભાઈની ઉંમર વધારે છે. તેઓ વૃદ્ધ થઈ ગયા છે. માટે હવે માની સેવા કરવાનો મોકો નાના ભાઈને આપવામાં આવે છે.''

જજનો ચુકાદો સાંભળી મોટા ભાઈએ કોર્ટરૂમમાં જ નાના બાળકની જેમ પોક મૂકી ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યું. રડતાં રડતાં બોલતા હતા કે, ''આ બુઢાપાએ મારાથી મારું સુખ છીનવી લીધું.'' આ દશ્ય નિહાળતાં જજશ્રી અને કોર્ટમાં ઉપસ્થિત સર્વેની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. અને હૈયામાંથી ઉદ્‌ગાર સરી પડ્યા કે, ''સંતાનો વચ્ચે વિવાદ હોય તો આવો હજો.'' **(નોંધપોથીના કેટલાક અંશો અહીં રજૂ કર્યા છે.)**

નોંધપોથી વાંચતાં જ માનવભાઈનું આંતરજગત હચમચી ગયું. તરછોડાયેલાં માતાપિતા અને સંતાનો વચ્ચેના સંબંધમાં જાણે તેમને પોતાનું પ્રતિબિંબ દેખાતું હતું. વૃદ્ધાની પ્રાર્થનામાં તો જાણે પોતાના અને પત્નીના જ વિચારો, વ્યવહારો દેખાતા હતા. જ્યારે બે ભાઈઓની માની સેવા બાબતના કેસમાં જે માતૃસેવા દર્શાવાઈ હતી તેનો પોતાના જીવનમાં શૂન્યાવકાશ લાગતો હતો. હવે શું કરવું ? કેવી રીતે સુધરવું ? કેવી રીતે આગળ વધવું ? તેનો કંઈ રસ્તો સૂઝતો ન હતો. આ માટે 'વકીલશ્રી પીઢ વ્યક્તિ છે. તેમની પાસેથી જ યોગ્ય સલાહ કાલે લઈશ' એવું વિચારી તેઓ રાત્રે સૂઈ ગયા.

# ૫

# વૃદ્ધાશ્રમના બગીચામાં



આજે વકીલ શ્રી આર. કે. પૂજારા પાસેથી માર્ગદર્શન મેળવવું છે પણ શું કરું ? ફોન કરું કે રૂબરૂ જઉં ? રૂબરૂ જ જવા દે. એમની નોંધપોથી પર વિઝિટિંગ કાર્ડ લગાવેલું છે એ ઍડ્રેસ પર સાંજે ૫:૩૦ વાગે એમની ઑફિસે જ પહોંચી જઉં.

"જય સ્વામિનારાયણ. નમસ્તે સર, May I see you ?"

"યસ, કમ ઇન." હાથના ઇશારાથી ચૅર પર બેસવાનો આદર કર્યો.

"જય સ્વામિનારાયણ. આપ કોણ ? ઓળખાણ ન પડી."

"હું આપના સત્સંગી કેયૂરભાઈનો મિત્ર માનવ છું. છેલ્લા શનિવારની યુવક સભામાં આવ્યો હતો. એમાં પૂ. સંતોએ 'માતાપિતાનો આદર' એના વિષે ઘણી વાત કરી હતી. મારા ઘરમાં માતાપિતાની બાબતના તથા પત્નીના કેટલાક પ્રશ્નો છે તેને પૂ. સંતો આગળ રજૂ કરતાં તેઓએ આપની પાસેથી તે બાબતે વિશેષ માર્ગદર્શન મેળવવા જણાવ્યું હતું."

"માનવભાઈ, આપના માટે હું જરૂરાજરૂર સમય ફાળવીશ પણ અત્યારે સૉરી. કારણ, મારે અત્યારે જ એક વૃદ્ધાશ્રમની કાયદાકીય કામગીરી માટે જવાનું છે. નહિ તો આપને જરૂરથી સાંભળત. તેમ છતાંય આપ પૂ. સંતોના વચને આવ્યા છો તો આપને સમય હોય તો મારી સાથે ગાડીમાં ચાલો. અડધો કલાકનો રસ્તો છે તો એ દરમ્યાન થોડી વાત કરશો. બાકી રહેશે તો રિટર્નમાં અથવા કાલે ફરી મળીશું. જેમ આપને ઠીક લાગે તેમ."

માનવભાઈએ વિચાર કર્યો કે, 'આમેય મમ્મી-પપ્પાને વૃદ્ધાશ્રમમાં મૂકવાનો વિચાર તો છે જ. તો લાવ ને, આજે જાતે જ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ આવું. કદાચ ભગવાને જ સામે ચાલી આ અવસર આપ્યો લાગે છે. માટે જવા દે.' તેમણે કહ્યું, "ભલે, તો પછી એમ જ કરો. હું આપની સાથે આવું છું. મને ફાવશે."

બંનેએ ગાડીમાં માતાપિતા સાથે પત્ની અને પોતાને થતા સંઘર્ષો અંગે થોડી ચર્ચા કરી એટલામાં વૃદ્ધાશ્રમ આવી ગયું.

'**શાંતિસદન ઘરડાઘર**'

માનવભાઈએ બે-ત્રણ વખત બોર્ડ પર નજર ફેરવ્યા કરી. બંનેએ મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશ કર્યો. ક્યારેય ન જોઈ હોય તેવી અકાલ્પનિક દુનિયામાં માનવભાઈએ આજે પ્રવેશ લીધો. ૪૫થી ૯૦ વર્ષ સુધીની તમામ વયના વૃદ્ધોને શાંતિસદન ઘરડાઘરના ગાર્ડનમાં વિહરતા જોયા. બગીચો નાનો પણ સોહામણો હતો. સાંજના ૬:૧૫ થયા હશે. બગીચાની હરિયાળી અને આછા-પાતળા સૂર્યપ્રકાશના કિરણોથી એની સુંદરતા આકર્ષક લાગતી હતી. કેટલાક વૃદ્ધો લાકડીના ટેકે, કેટલાક વ્હિલચૅર પર બેસી તો કેટલાક ચાલતા હતા. કેટલાક વૃદ્ધો બગીચામાં બાંકડે બેસી સુખ-દુ:ખની વાતો કરી રહ્યા હતા.

“માનવભાઈ, થોડી વાર બગીચામાં બેસો. હું કામ પતાવી આવું છું. રિટર્નમાં આપણે ચર્ચા કરીશું.”

“ભલે, હું અહીં બેસું છું.”

માનવભાઈ બરાબર પેલા વૃદ્ધો વાતચીત કરતા હતા તેની પાસેના બાંકડા પર જઈને બેઠા. વૃદ્ધોનો વાર્તાલાપ સાંભળવા લાગ્યા.

“જીવીબાઈ, હું કાલે એક ચોપડી વાંચતી હતી એની એક કડી યાદ આવે છે,

‘દરદ ઝાઝું ન થાય ઈ વાતનું, જ્યારે પારકા બની રહે પરાયા;

દરદ થાય હૈયે પારાવાર ઈ વાતનું, જ્યારે પોતાના થઈ જાય પરાયા.’

સાચું કહું, ઈ દિવસ યાદ કરતાં આજેય મારી છાતી ભરાઈ જાય, આંખો ભીની થઈ જાય છે. બેન, હું નાની વયે વિધવા થઈ. મારે એક દીકરો વિમલ. નાનપણથી એને મારા વગર એક ઘડીએ ચાલતું નહીં. મેં એને એક વખત હસતાં હસતાં કહ્યું, ‘બેટા, અત્યારે તો તું દોડી દોડીને મારી સેવા કરે છે, મારા પગ દાબે છે, મને પાણી પાય છે, પણ તારાં લગ્ન થશે પછી તારી પત્ની આવશે. એને મારી સેવા કરવી નહિ ગમે તો તું મને વૃદ્ધાશ્રમના ઉંબરે તો નહિ મૂકી જાય ને ? જે પગ દાબે છે તેને ધક્કો મારી ઘર બહાર રઝળતા નહિ કરી દે ને ? પાણી પાવાને બદલે આ જ મોઢામાં ઝેર નહિ રેડે ને !’ ત્યારે તે રડી પડ્યો ને મારા મોં પર એની નાનકડી આંગળી રાખી કહેવા લાગ્યો, ‘મા, આ તું શું બોલે છે ? એ પત્ની હશે; તું તો મારી મા છે. તેં મને આ દુનિયામાં જન્મ આપ્યો છે. મારા માટે અનેક કષ્ટો સહ્યાં છે. મા, હું તને ક્યારેય નહિ ભૂલું. તને કાયમ મારી સાથે જ રાખીશ.’ આ વાતને વર્ષો વીત્યાં.

એનાં લગ્ન થયાં. એક દીકરીનો બાપ બન્યો. સારામાં સારું કમાતો થયો. સમયના બદલાવની સાથે સાથે વિમલની વિચારધારામાં પણ પરિવર્તન આવવા માંડ્યું. એની પત્ની આધુનિક જમાનાની. એને હું ગામડિયણ બાઈ એ ઘરમાં રહું એ કેમેય પોસાતું નહોતું. રાતે મારો દીકરો ઘરે આવે અને પુત્રવધૂ એને કાનભંભેરણી કરવા માંડે. વારંવાર મારી ફરિયાદ કરે. રોજ એવું સાંભળવાથી દીકરાને એની પત્નીની વાત જ સાચી લાગે ને ! એનું મારા પરત્વેનું વર્તન ફરી ગયું. એકાદ મહિના પછી અચાનક મારી પાસે આવ્યો ને કહેવા લાગ્યો, ‘મા, ઘણા દિવસથી તને ગાર્ડનમાં નથી લઈ ગયો. ચાલ ને, આજે આપણે બેય ગાર્ડનમાં જઈએ, બેસીએ, થોડી વાતો કરીએ.’ મારા હૈયે આનંદના ઓઘ ઊતર્યા કે હાશ, મહિના પછી દીકરાએ મને પ્રેમથી બોલાવી. એ મને બાઇક પર બેસાડી આ ગાર્ડનમાં લાવ્યો. અમે બેઠાં. ખૂબ વાતો કરી. સંધ્યા સમય થયો. અમે નીકળવા જતાં હતાં ત્યાં તેણે કહ્યું, ‘મા, તું બેસ. હું એક વસ્તુ ખરીદી આવું. પછી આપણે જઈએ.’ એ ગયો એ ગયો, ફરી પાછો જ ન આવ્યો. આખી રાત મેં ખુલ્લા ગાર્ડનમાં વિતાવી. એ રાતે હું ખૂબ રડી હતી. આજેય આ ગાર્ડનનો એ બાંકડો જોઈ જોઈને રડવું આવે છે. સાચું કહું, બીજી એક કડી એમાં લખી છે. જો વાંચું.

‘જીવનભર ટેકો બનીને રહ્યા, માબાપ નિજ સુતનો; એ સુતને નથી દિલે વિચાર, ટેકો આપવા માબાપને.

સત્યુગમાં પૂજાતી માવડી, થઈને ઈશ્વરનો અવતાર; કળિયુગમાં દંડાય છે માવડી, બની અબળાનો અવતાર.’ ”

આટલું કહી સવિતાબેન ખૂબ રડી પડ્યાં. ત્યાં રાજસ્થાનથી આવેલા એક હિન્દીભાષી મહિલા સરલાદેવી પણ હતાં. તેઓ બે અઠવાડિયાથી જ આ વૃદ્ધાશ્રમમાં આવ્યાં હતાં. તેમણે મલકાતા સ્વરે કહ્યું,

''સવિતાબેન, મુઝે તો મેરા બેટા બહુત પ્યાર કરતા હૈ. મૈં તો સિર્ફ દો હફ્તે કે લિયે હી યહાં આઈ હૂં. મેરા બેટા ઑફિસ કે કામ મેં થોડા બિઝિ હૈ. મેરી બહૂ ઑસ્ટ્રેલિયા રહતી હૈ. ઈસલિયે મેરી દેખભાલ કરને કે લિએ કોઈ નહિ થા. આજ દો હફ્તે હો ચૂકે હૈ. મેરા બેટા આયેગા ઔર મુઝે લે જાયેગા.''

સરલાદેવીની વાત સાંભળી ત્યાં બેઠેલા વિનોદ શર્મા ખંધું હસીને બોલ્યા, ''સરલાજી, અબ યે બાત ભૂલ જાઓ કિ આપકા બેટા આયેગા ઔર આપકો લે જાયેગા. અબ તો ઈસ વૃદ્ધાશ્રમ કો હી અપના ઘર સમજકર રહને લગો વો હી આપકે લિયે અચ્છા હૈ.''

''નહિ, વૈસા નહિ હો સકતા. મેરા બેટા મુઝે બહોત પ્યાર કરતા હૈ. વો મુઝે લેને આજ હી આયેગા. દેખો, મૈં અભી ફોન કરતી હૂં મેરે બેટે કો.'' સરલાદેવીએ દીકરાને ફોન જોડ્યો.

''હલો... બેટા... તૂ ઘર પહુંચા કિ નહીં?''

''હલો મા... મૈં થોડી દેર મેં બાત કરતા હૂં. અભી મિટિંગ મેં હૂં.''

''બેટા, મુઝે સિર્ફ ઈતના પૂછના થા કિ તુને ખાના ખાયા કિ નહીં?''


''મા, મુઝે કામ કા બહુત બોઝ હૈ. થોડી દેર મેં ફોન કરતા હૂં.'' (દીકરો ફોન કાપી નાખે છે. સરલાદેવી દુઃખી થઈ જાય છે.)

''અચ્છા, તો ક્યા કહાં આપકે લાડલે લડકે ને?'' વિનોદ શર્માએ હસતાં હસતાં પૂછ્યું.

''કહ રહા થા કિ કામ મેં વ્યસ્ત હૂં, થોડી દેર બાદ ફોન કરતા હૂં.'' દુઃખી વદને સરલાજીએ ઉત્તર વાળ્યો.

''સરલાજી, મૈં કહતા હૂં કિ ઉસકા ફોન ભી નહિ આયેગા ઔર આપકો લેને ભી નહિ આયેગા. વૈસે ભી યહ જગા ઈતની બુરી નહીં હૈ. શાંતિ હૈ, સમય પે ખાના મિલ જાતા હૈ, કુછ દોસ્ત મિલ જાતે હૈ. મૈં તો કહતા હૂં કિ પ્રભુભક્તિ મેં મન લગાઈએ. આપકો મેરી બાત અચ્છી નહિ લગ રહી હૈ, લેકિન જો હો રહા હૈ ઉસે બરદાસ કર લીજિએ. વો હી હમ વૃદ્ધો કા નસીબ હૈ.''

''નસીબ આપકા બુરા હૈ, દેખ લીજિએગા. મેરા બેટા મુઝે લેને જરૂર આયેગા. ફિર મૈં આપકો બતાઉંગી. મુઝે તો ઈસ બાત કિ ચિંતા હૈ કિ વો મેરે બિના રહ કૈસે પા રહા હોગા?''



‘‘સરલાજી, એક બાર જો ઈસ વૃદ્ધાશ્રમ મેં આતા હૈ વો ઈતની આસાની સે બાહર નહિ નિકલ સકતા.’’ વ્યથિત સ્વરે શર્માજી બોલ્યા.

‘‘શર્માજી, આપ કૈસી બેકાર કી બાતેં કર રહે હૈ ? મૈં ફિર સે મેરે બેટે કો ફોન લગાતી હૂં. દેખના અબ તો વો જરૂર ફોન ઉઠાકર કહેગા, મા, મૈં આ હી રહા હૂં.’’

સરલાજીએ ફરી ફોન જોડ્યો. દીકરાનો ઉત્તર સંભળાવવા સ્પીકર ચાલુ કર્યું. ‘‘હા બેટા, તૂ મુઝે લેને કે લિયે નિકલા કિ નહીં ? આજ પૂરે દો હફ્તે હો ચુકે હૈ.’’

‘‘મા, સૉરી. મુઝે લગતા હૈ કિ અબ તુઝે સચ્ચી બાત બતા દેની ચાહિએ. મૈં અપને પૂરે પરિવાર કે સાથ ઑસ્ટ્રેલિયા પહુંચ ચુકા હૂં. અબ મૈં ઇન્ડિયા કભી નહિ આનેવાલા. તુમ વહીં અપની જિંદગી પસાર કર લેના.’’ (આટલું કહી દીકરાએ ફોન કાપી નાખ્યો.) આટલું સાંભળતાંની સાથે જ જાણે સરલાદેવીના કોમળ કાળજા પર વીજળીનો કરંટ વરસી પડ્યો. ત્યાં જ તેમને હાર્ટ ઍટેક આવી ગયો. તૂટ્યાફૂટ્યા શબ્દોમાં તે છેલ્લા શબ્દો બોલ્યાં, ‘‘બેટા, તુને મેરે સાથ ઐસા ખેલ ક્યોં ખેલા ? તુને ઈતના બડા વિશ્વાસઘાત ક્યૂં કિયા ? એક બાર તો અપની બુદ્ઢી મા કે બારે મેં સોચા હોતા ? મૈં તુઝે કિતના પ્યાર કરતી હૂં ! બહુત પ્યાર કરતી હૂં !!!’’ આટલું કહેતાં સરલાદેવીએ દમ તોડી નાખ્યો. આસપાસ રહેલા તમામ વૃદ્ધોની આંખમાં આંસુ આવી ગયાં. શર્માજીએ સરલાજીના દીકરાને ફોન જોડ્યો, ‘‘બેટા, તુમ્હારે વિયોગ મેં તુમ્હારી માને દમ તોડ દિયા હૈ.’’

‘‘અંકલ, મેરી રાહ મત દેખના. મા કા અગ્નિસંસ્કાર વિધિ આપ સભી સાથ મિલકર કર દેના. મૈં નહિ આ પાઉંગા. સૉરી.’’ કહી દીકરાએ ફોન કાપી નાખ્યો.

શર્માજી આંખમાં આંસુ સાથે બોલ્યા, ‘‘યે પહલી બાર નહિ હુઆ હૈ મેરે સાથ. સરલાજી પહલે નહિ થે; જિન્હોંને બેટો કી યાદ મેં મેરે સામને દમ તોડ દિયા !’’


વૃદ્ધત્વની કરુણ અને દયનીય દશાને નિહાળી માનવભાઈનું હૈયું ચિત્કારી ઊઠ્યું. બે ક્ષણ તો તેઓ પૂતળું જ બની ગયા. પછી અચાનક જ આંખોમાંથી આંસુ સરી પડ્યાં. ક્યાંક છાનું ડૂસકું પણ ભરાઈ ગયું. ‘કેવો નરાધમ દીકરો છે સરલાજીનો !’ અંતરમાંથી ઉદ્ગારો સરી પડ્યા. સાથે બીજો ઉદ્ગાર નીકળ્યો, ‘કોઈ મને તો આવી ઉપમા નહિ આપે ને !’ પશ્ચાત્તાપનું બીજ પાંગરતું જાય એમ એમ પરિવર્તનનું વટવૃક્ષ ઊભું થાય છે. તેવું જ માનવભાઈના જીવનમાં કંઈક બની રહ્યું હતું. માનવભાઈની આંખ ખૂલી. સાંજના આછા પ્રકાશમાં તેઓ માતૃ-પિતૃ વાત્સલ્યના મહાસાગરમાં ખોવાઈ ગયા, ‘મમ્મી-પપ્પાએ હરેક ક્ષણે પહેલાં મારી જ ખુશીને સંતોષી છે, સદાય મારા સ્મિતથી જ હળવાશ અનુભવી છે, મારી જરૂરિયાતોને જ પ્રાધાન્ય આપ્યું છે. હવે એમની ઘડપણની લાકડી બની રહેવાના સમયે એમનો હાથ છોડી દઉં તો મારા જેવો કૃતઘ્ની કોણ ? ના... ના... હું મમ્મી-પપ્પાને વૃદ્ધાશ્રમનાં પગથિયાં નહિ ચડાવું. હું આખી જિંદગી એમની સેવા કરીશ.’ એટલામાં બાંકડા પરનું વાક્ય વાંચ્યું,

‘માતાપિતા વિનાનું ઘર એ ઘર નહિ, સ્મશાન છે.’

સરલાદેવીના અવસાનના સમાચાર મળતાં જ વકીલશ્રીએ ઉતાવળા બહાર આવી તેમની અંતિમવિધીની તમામ તૈયારીઓ કરાવડાવી. ત્યારબાદ બંને ગાડીમાં બેઠા. માનવભાઈએ ગાડીમાં વૃદ્ધાશ્રમમાં જોયેલ ઘટનાની વાત કરી કહ્યું, ''હવે મારે આપની સાથે નહિ; મારી જાત સાથે ચર્ચા કરવાની જરૂર છે.'' વકીલ સાહેબ પરિસ્થિતિ પામી ગયા. માનવભાઈના પશ્ચાત્તાપને પારખી તેમને ખૂબ આનંદ થયો. એટલામાં ઑફિસ આવી ગઈ. માનવભાઈએ વકીલશ્રીને ક્યારેક પોતાના ઘરે આવવા આમંત્રણ આપતાં ખિસ્સામાંથી પોતાનું વિઝિટિંગ કાર્ડ આપ્યું. બંને છૂટા પડ્યા. રાતના ૮ વાગ્યે માનવભાઈ ઘરે પહોંચ્યા. કાંઈ જ જમ્યા વિના, કોઈ સાથે કાંઈ જ વાર્તાલાપ કર્યા વિના પોતાના રૂમમાં ચાલ્યા ગયા. પોતાની અંગત ડાયરી કાઢી કશુંક લખવા માંડ્યું. એ સમયે નાઈટલૅમ્પના આછા પ્રકાશમાં તેમની આંખોમાંથી આંસુ સરતાં હતાં તે દરવાજે ઊભેલાં તેમનાં પત્નીએ જોયા. પણ એ કશું બોલી શક્યાં નહીં. આખી રાત વૃદ્ધાશ્રમના બગીચાનું કરુણ દૃશ્ય અને પોતાનાં માતાપિતા સાથેના સંબંધોમાં સુલેહ સાધવાની તરકીબોના વિચારો જ માનસમાં રમતા રહ્યા.

**"થાક ઘણો હતો ચહેરા પર પણ,**
**અમારી ખુશીઓ માટે અનહદ પરિશ્રમ કરતા જોયા છે;**
**આંખમાં ઊંઘ હતી ઘણી છતાં પણ, ચિંતામાં મેં એમને જાગતા જોયા છે,**
**તકલીફો ચારેબાજુથી હતી પણ, હિંમત હાર્યા વગર એકલા હાથે લડતા જોયા છે.**
**પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે,**
**એ માટે પોતાના સમણાંઓને રોળતા જોયા છે,**
**પોતાની પસંદગીને નાપસંદ કરી, અમારી પસંદગીને અપનાવતા જોયા છે,**
**વ્યક્તિ એક હતી પણ વિશેષતાઓ અનેક હતી,**
**માતાપિતામાં મેં સર્જનહારને ઝળહળતા જોયા છે."**

# ૬ ઉમ્મીદ એમની કોણ પૂરી કરે ?



આજે રવિવાર ને એકાદશી છે. લાવ મંદિરે દર્શન કરવા જઉં. એ વિચારે માનવભાઈ મંદિરે દર્શન કરવા ગયા. મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી માળા ફેરવતા હતા. એ વખતે મંદિરના પરિસરમાં બાંકડા ઉપર ત્રણ-ચાર વડીલો વાતો કરી રહ્યા હતા. એક વડીલ વાત કરતા હતા તેના શબ્દો માનવભાઈના કાને પડ્યા કે,

"હવે તો મારું ઘર પણ મંદિર બની ગયું છે. સાંજે ઘરે ભગવાન ભજ્યાનું સારું સુખ આવે છે." ત્યારે બીજા વડીલે પૂછ્યું, "ઘર મંદિર બન્યું એટલે શું ?" "એક વખત મોન્ટુના દાદીમા મને વાત કરતાં હતાં કે, 'હવે બે ટાઇમ મંદિરે જવામાં થાક લાગે છે. એવું થાય છે કે હવે એક ટાઇમ ઘરે બેઠા ભગવાન ભજાય એવું સ્થાન હોય તો સારું.' મેં પણ સૂર પુરાવ્યો કે, 'એવી ઇચ્છા તો મનેય થાય છે.'

અમે તો એમ જ વાત કરતા હતા. અમને ખબર નહિ કે અમારો દીકરો દીપક આ સાંભળે છે. એય કશું બોલ્યો નહીં. એ જ દિવસે સાંજે નાનો દીકરો કૌશિક આવ્યો અને એણે કહ્યું, 'પપ્પા, એક વરસથી તમે મારા ઘરે આવ્યા નથી માટે થોડો સમય તમે બંને મારા ઘરે ચાલો.' રાત્રે જમી અમે બેય તેના ઘરે ગયાં.

એક-બે મહિના પછી અમે પાછાં આવ્યાં ત્યારે તો ઘરની રોનક જ બદલાઈ ગઈ હતી. બેઠકરૂમની બાજુના રૂમમાં મંદિર જ તૈયાર કરી દીધું હતું. નવું સિંહાસન, ધ્યાનની મૂર્તિ, સભાશ્રવણ માટે ડીવીડી પ્લેયર. અરે, જે કાંઈ જરૂર હોય તેના કરતાં પણ વધુ સરસ રીતે બધું તૈયાર કરી દીધું હતું. અમે તો જોઈને ખૂબ રાજી થઈ ગયા.

મેં દીપકને પૂછ્યું કે, 'આ બધું કેમ કરાવ્યું ?' 'બાપુજી, તમે અને મારાં મમ્મી વાત કરતાં હતાં તે મેં સાંભળી હતી. આપના અંતરની ઉમ્મીદ હતી કે ઘરમાં મંદિર બનાવવું છે તો તેને મારા સિવાય કોણ પૂરી કરે ? આપનાં અરમાનો, ઇચ્છાઓ પૂરી કરવી એ જ મારી ફરજ અને પરમ કર્તવ્ય છે.' "

માનવભાઈએ વડીલ હરિભક્તોની નજીક જઈ પ્રશ્ન પૂછ્યો કે, "મોહનકાકા, દીકરો ઘરમાં પૈસા કમાય, ઘરનો વહીવટ સંભાળે કે માબાપની ઉમ્મીદો પૂરી કરે ?" "બેટા, એ જ તો બૅલેન્સ કરવાનું છે. માતાપિતાને મન આ દુનિયામાં પોતાના સંતાનથી અધિક કોઈ નથી. તો પછી એમની ઉમ્મીદો સંતાન સિવાય કોણ પૂરી કરે ? જે સુપાત્ર અને સંસ્કારી દીકરા હોય તે માબાપની ઇચ્છા સાનમાં સમજી જાય. અરે, કહ્યા વગર પણ કળી જાય. કેમ ભાઈલાલભાઈ ?"

"સાચી વાત છે. ગયા મહિને હું મારા દીકરા સાથે સાંજના સમયે ઘરના ગાર્ડનમાં બેઠો હતો. એ જ વખતે ઉપરથી વિમાન પસાર થયું. મેં સહસા જ કોઈ જાતની ઇચ્છા વગર મારા

દીકરા પ્રણવને પ્રશ્ન પૂછ્યો, 'બેટા, વિમાનની મુસાફરી કેવી લાગે ? વિમાનમાં કેવી બેઠક વ્યવસ્થા હોય ?' એવી રીતે વિમાનની મુસાફરી વિષે થોડી ચર્ચા થઈ. ત્રીજા દિવસે પ્રણવે મારા હાથમાં ટિકિટ મૂકતાં કહ્યું, 'પિતાજી, બે દિવસ પછી આપણે સાથે સવારથી સાંજ સુધી મુંબઈ જવાનું છે અને એ પણ વિમાનમાં.' 'પણ શા માટે ?' મેં પૂછ્યું તો મારી જોડે ઘૂંટણિયાભર બેસીને તે કહે, 'પપ્પા, વિમાનની મુસાફરી કેવી હોય ? વિમાન કેવું હોય ? તેનો અનુભવ કરવા અને મુંબઈ કાંદિવલી મંદિરે દર્શન કરવા.' ત્રીજા દિવસે અમે વડોદરાથી વિમાનમાં મુંબઈ ગયા. કાંદિવલી આપણા મંદિરે દર્શન કર્યાં પછી પ્રણવે થોડું મુંબઈ બતાવ્યું. સાંજે અમે વિમાનમાં જ પાછા વડોદરા આવ્યા. મેં તો માત્ર એને પ્રશ્ન પૂછ્યો હતો તોય વિમાનની મુસાફરીનો પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો. આવા તો એક નહિ, કેટલાય પ્રસંગો બનતા હોય છે. મારે વિચારીને બોલવું પડે. લ્યો, આ પ્રણવ મને લેવા આવ્યો; હું જાવ છું.'' એમ કહી તેઓ નીકળી ગયા.

માનવભાઈ તો વડીલોની વાત સાંભળતાં વારે વારે વિચારમગ્ન થઈ જતા હતા. તેમને સજાગ કરતાં ધીરુભાઈએ સ્વાનુભવ કહ્યો, ''માનવભાઈ, મારા કીર્તનની તો શું વાત કરવી ? મારા રિટાયર્ડ થયા પછીની વાત છે. એક દિવસ કીર્તન પૂ. સંતોને લઈ વિચરણમાં ગયો હતો. એ પૂ. સંતોને લઈ પાછો આવ્યો પછી અમે બેય ગાડીમાં ઘરે આવતા હતા. રસ્તામાં અમારે વાત થઈ કે, પૂ. સંતો જોડે વિચરણમાં ગાડી લઈને જવામાં તો સેવા-સમાગમનો સરસ લાભ મળે, પૂ. સંતોની નિકટ રહેવાય, એમની અંગત સેવાનો પણ લાભ મળે. બાજુની સીટમાં પૂ. સંતો બિરાજ્યા હોય તો કેવો આનંદ આવે !! એટલી વાત કરતાં તો ઘર આવી ગયું.

પાંચ દિવસ પછી કીર્તને મારા હાથમાં ડ્રાઈવિંગ સ્કૂલના ઍડમિશનનું કાર્ડ મૂક્યું. મેં પૂછ્યું, 'આ શું ?' કીર્તને કહ્યું, 'પપ્પા, આવતી કાલથી તમારે ડ્રાઈવિંગ સ્કૂલમાં ગાડી શીખવા માટે જવાનું છે.' મેં પૂછ્યું, 'કેમ ? હવે ૫૮ વર્ષ થયાં. ઘરડે ઘડપણ હું શું ગાડી શીખવાનો ?' 'પપ્પા, ૫૮ વર્ષ કંઈ બહુ મોટી ઉંમર ન કહેવાય. શીખશો અને પ્રૅક્ટિસ થશે એટલે આવડી જશે. આપ સ્કૂટર તો ચલાવો જ છો ને. ગાડી શીખી જાવ, પછી પૂ. સંતો જોડે રહેવાનો, સેવા-સમાગમનો આપને લાભ મળે ને !' પછી તો હું રોજ સવારે ડ્રાઈવિંગ સ્કૂલમાં ગાડી શીખવા જઉં અને સાંજે કીર્તન પ્રૅક્ટિસ કરાવવા લઈ જાય. એક મહિનામાં તો લાઈસન્સ આવી ગયું.

ખરેખર મારો તો બુઢાપો સુધરી ગયો. પૂ. સંતોની ડ્રાઈવિંગની સેવા મળે, સેવા-સમાગમ અને નિકટમાં રહેવા મળે. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં, એસ.એમ.વી.એસ.ની અઠવાડિક સભા અને પૂ. સંતોના સાંનિધ્યમાં દીકરાઓમાં આવાં સંસ્કારનાં બી રોપાયાં છે ને જે પાંગરીને વટવૃક્ષ થયાં છે. બાકી આજના યુવાનો, છોકરાઓને માબાપની સેવાની, તેમની ઉમ્મીદની કાંઈ પડી હોતી નથી. એ તો 'જાય ખોખું, તો ઘર થાય ચોખ્ખું' એવા વિચારમાં જ હોય છે. તે વળી શું ઉમ્મીદ પૂરી કરે ?

મારા એક મિત્રનો દીકરો લંડન રહે; દીકરી અમેરિકા. દીકરો-દીકરી બેય વિદેશ ગયાં પછી દંપતી એકલાં રહે. એક દિવસ મારા મિત્રએ દીકરાને લંડન ફોન કરી કહ્યું, 'બેટા, આજે એક દુઃખદ છતાં અગત્યની વાત કહેવી જરૂરી છે તેથી હું કહું છું કે આવતી કાલે હું અને તારી મમ્મી છૂટાછેડા લેવાના છીએ. ચાલીસ વર્ષથી ઘણું એની જોડે રહ્યો. હવે તો કંટાળ્યો છું, બહુ થાક્યો છું.'

દીકરાએ કહ્યું, ‘પપ્પા, તમે આ શું બોલો છો ?’ મારા મિત્રએ કહ્યું, ‘બેટા, તું જે સાંભળે છે તે જ અને તારી બહેનને પણ અમેરિકા સમાચાર આપી દેજે.’ આટલું કહી ફોન મૂકી દીધો. થોડી વારમાં દીકરાએ સામેથી ફોન કરી કહ્યું, ‘પપ્પા, હું અને બહેન આવતી કાલે આવીએ છીએ. અમારા આવ્યા પહેલાં તમે આગળ એક ડગલું ન ભરશો. મારી આટલી વિનંતી સ્વીકારો.’ ત્યારે મારા મિત્રએ કહ્યું, ‘હું પરમ દિવસ નહિ થવા દઉં.’ એટલું કહી ફોન મૂકી દીધો.

ફોન મૂક્યા બાદ મિત્રએ તેમના ધર્મપત્નીને કહ્યું, ‘કરો તૈયારી, બનાવો મીઠાઈ. આવતી કાલે બંને ભાઈ-બહેન અર્જન્ટ ફ્લાઈટમાં આવી રહ્યાં છે.’ બીજા દિવસે ચિંતિત હૈયે ભાઈ-બહેન ઘરે આવ્યાં તો વાતાવરણ કંઈક જુદું હતું. બંને આશ્ચર્યવત્ તેમની સામે જોઈ રહ્યાં. રહસ્યસ્ફોટ કરતાં મારા મિત્રએ કહ્યું, ‘બેટા, અમારે જ્યારે પણ જેટલા પૈસાની જરૂર હોય તે તું મોકલાવી આપતો પણ અમારે પૈસાની નહિ, તમારા પ્યારની; સાધનોની નહિ, તમારા સમયની; હિંડોળાની નહિ, તમારી હૂંફની; આલીશાન બંગલાની નહિ, બંગલામાં વ્હાલથી બોલનારની જરૂર છે. બેટા, કેટલાય વખતથી વિદેશ ગયા છો. તમારા બિઝિ જીવનમાંથી ઈઝી થઈ મમ્મી-પપ્પા સાથે ફોન પર વાત કરવાનોય સમય મળતો નથી તો મળવા તો ક્યારે આવો ? માટે મેં આવો ફોન કરી તમને બંનેને અહીં બોલાવ્યાં છે. માટે ક્ષમા કરશો.’

માતાપિતાની લાગણી ન સમજી શકવાથી બંને ભાઈ-બહેનનાં મોં શરમિંદા બની ગયાં. દીકરો એના પિતાના અને દીકરી એની માના ગળે વળગી પડ્યાં. હૃદયપૂર્વક માફી માગતાં કહ્યું, ‘પપ્પા, ગમે તેટલી કામની વ્યસ્તતામાં પણ પ્રિયજનો માટે સમય આપવાથી પૈસા કરતાં પણ અધિક મૂલ્યવાન આનંદ પ્રાપ્ત થાય છે. આપની ગોદ અને આપના સહવાસની હૂંફ હૈયાને પુલકિત કરે છે. અમો આપને ઉપરથી ચાહતા હતા પણ આપ અમને હૃદયપૂર્વક ચાહતા હતા એનો આજે ખ્યાલ આવ્યો. હવેથી એક વર્ષ મારી સાથે અને બીજા વર્ષે બહેન સાથે તમે વિદેશ રહેવા આવો. દર પાંચ વર્ષે અમે બંને સમય ફાળવી ખાસ ઈન્ડિયા આપની સાથે રહેવા આવીશું અને રોજ વિડિયો કોલથી ફોન પર અચૂક વાત કરીશું.’ એવું વચન આપ્યું. વધુમાં પાંચ દિવસ રોકાયા.

માનવભાઈ મારે તમને એટલું જ કહેવું છે કે જીવનમાં બેની ઉમ્મીદો હરહંમેશ પૂરી કરવી : એક, જેઓ તમારી ખુશી માટે બધું હારી ગયા છે, સર્વસ્વ ન્યોછાવર કર્યું છે એવા પિતા અને અનેક કષ્ટો વેઠી પ્યારથી મોટા કર્યા છે એવી માતાની ઉમ્મીદો. અને બીજું, જેના પ્રતાપે સર્વ સુખ સંપન્ન છો, જે આ લોક અને પરલોકના ખરા રાહબર છે એવા ગુરુની ઉમ્મીદો પૂરી કરવી એ જ સૌથી મોટું કર્તવ્ય છે, એ જ પવિત્ર ફરજ છે.’’

મેહુલો વરસે ત્યારે ધરતીના મળ ધોવાઈ જાય તેમ વડીલો પોતાના સંતાનો ઉપર રાજીપાનો વરસાદ વરસાવતા હતા તેનાથી માનવભાઈના અંતરમાં માતાપિતા પ્રત્યેના દ્વેષભાવના મળ ધોવાઈ રહ્યા હતા. ‘કાશ, મારા પપ્પા પણ મારા માટે આવા જ હાશકારાસભર રાજીપાનાં વચન ઉચ્ચારે એવું જીવન મારે જીવવું છે’ એવા વિચાર કરતાં કરતાં તેઓ ક્યારે ઘરે આવી ગયા તેનો પણ ખ્યાલ ન રહ્યો. તેમ છતાં આ માટે શું ઉપાય કરું તે માટે તેઓ વિચારવા મથતા હતા. તેઓ ઘરમાં સોફા પર બેઠા હતા. એ દરમ્યાન તેમના હાથમાં એક સામયિક આવ્યું. તેની અનુક્રમણિકા જોઈ. તેમાં એક લેખ હતો ‘સંતાનોને સેવાની હોંશ’. તેઓ તેના વાંચનમાં મગ્ન બની ગયા.

# ૭ સંતાનોને સેવાની હોંશ



એક સજ્જન વ્યક્તિ તરીકે કોઈએ આપણી સાથે કરેલા દુર્વ્યવહારોને આપણે પવન, પાણી કે રેતી પર લખી ભૂંસી નાખવાના છે. જ્યારે જેમણે આપણા પર અનંત ઉપકારો કર્યા છે, એવા માતાપિતાને પથ્થરની લકીરની જેમ હૃદયમાં હંમેશાંને માટે જડી દેવાનાં છે.

પરંતુ... પરંતુ... વર્તમાન પરિસ્થિતિ કંઈક જુદી જણાય છે.

પ્રચંડ બુદ્ધિના પ્રયોગથી આજનો યુવાન દૂરસુદૂર પર્વતોના શિખરોને આંબી શક્યો છે અને પૃથ્વીની ગહેરાઈને માપી શક્યો છે પરંતુ અફસોસ એ વાતનો છે કે પોતાની નિકટમાં રહેનાર એવા જન્મદાતા અને જીવનદાતા માતાપિતાના હૃદયના પ્રેમને, લાગણીને સહેજ પણ પિછાની શકતો નથી. જે યુવાન પોતાના જન્મદાતા માબાપને સમજી શકે છે, પ્યાર આપી શકે છે અને ઉત્સાહભેર સેવા–શુશ્રૂષા કરી શકે છે તેણે આ દુનિયામાં તમામ રહસ્યો હસ્તગત કર્યાં બરાબર છે.

આવા યુવાનોના અંતરમાં માબાપની સેવા કરવાના કેવા કોડ જાગે છે..!!

એલેક્ઝાંડર ડૂમા. વિદેશમાં એમના સાહિત્યની ભારે બોલબાલા હતી. તેઓએ લખેલી નવલકથાઓ વાંચતાં લોકો થાકતા ન હતા. મહાન સાહિત્યકાર તરીકેની ડૂમાની કીર્તિ એટલી હદ સુધી ફેલાઈ કે પોતાના દેશ અને પરદેશના કેટલાક સાહિત્યકારોએ ડૂમાને પોતાના ગુરુ તરીકે પ્રસ્થાપિત કર્યા હતા.

ડૂમાની કેટલીક નવલકથાઓ પણ નાટક સ્વરૂપે રંગભૂમિ પર ભજવાવા લાગી. જ્યારે ડૂમાનું પ્રથમ નાટક રંગભૂમિ પર ભજવાઈ રહ્યું હતું ત્યારે એ નાટક જોવા થિયેટરમાં પ્રેક્ષકોની ભારે ભીડ જામી. ડૂમા પણ એ થિયેટરમાં ઉપસ્થિત હતા.

નાટક શરૂ થયું. નાટકનો રંગ જેમ જેમ જામતો જતો હતો તેમ તેમ પ્રેક્ષકોની તાળીઓનો ગડગડાટ વધતો જતો હતો. પણ પ્રેક્ષકોની આ તાલીપુષ્પની વર્ષાથી ડૂમા તદ્દન અલિપ્ત હતા. કારણ, ડૂમાને નાટક જોતાં જોતાં પણ ઘરમાં માંદગીના બિછાને રહેલી પોતાની લકવાગ્રસ્ત માતા પળે પળે યાદ આવતી હતી.

છેવટે માની યાદથી વ્યગ્ર બનેલા ડૂમા નાટક જોવાનું પડતું મૂકી પ્રેક્ષકગૃહને છોડી પોતાના ઘર તરફ રવાના થયા. ઘરે આવી સીધા જ માના ખાટલા પાસે બેસી ગયા. “બેટા, તારું પહેલું નાટક છે તેને જોવાનું છોડી તું શા માટે ઘેર પાછો આવ્યો ?” માએ પૂછ્યું. ત્યારે અત્યંત ગદ્‌ગદિત સ્વરે ડૂમાએ કહ્યું, “મા, મને મારા નાટક, મારી પ્રશંસા અને કીર્તિ કરતાં પણ તું વધુ વ્હાલી છે !” આટલું કહી તેઓ માની સેવામાં લાગી ગયા.

પ્રેક્ષકો ડૂમાનું નાટક જોઈને હર્ષની ચિચિયારીઓ કરી રહ્યા હતા, જ્યારે એ નાટકના કર્તા ડૂમા પોતાની બીમાર માની સેવામાં રત હતા.

કેવી અનોખી માતૃભક્તિ !

•••

“મા ! લે આ ભાત લાવ્યો છું, ત્રણ ત્રણ દિવસથી તું ભૂખી છે. લે, ઝટ ખાઈ લે.” ચીનમાં પૂર્વે ઉપરાઉપરી બે અતિ ભયાનક દુકાળો આવી ગયા. તે વખતે લાખો પશુ-પંખીઓ એનાથી મરવા લાગ્યાં. હજારો મનુષ્યો પણ આ દુકાળનો ભોગ બનવા લાગ્યાં. આ દુકાળથી લોકોને બચાવવા ઉદાર દિલના ધનિકોએ સદાવ્રતો ખોલ્યાં. દૂર દૂરથી પણ લોકો વાટકો ભાત લેવા ત્યાં આવે, લાંબી કતારમાં ઊભા રહીને વારો આવે એટલે મોટો વાટકો ભરીને ભાત પામે. સદાવ્રતથી દસ માઈલ છેટેના એક ગામમાં મા-દીકરો રહે.

ભૂખી, ઘરડી ગરીબ મા અને ભૂખ્યો જુવાનજોધ દીકરો. સદાવ્રત ખોલ્યાના સમાચાર મળતાં મહામુસીબતે દીકરાએ દસ માઈલ અંતર કાપીને એક મોટો વાટકો ભાત મેળવ્યો. માતા પ્રત્યેની અપાર મમતાના કારણે તેણે વાટકામાંના ભાતને કપડાંથી ઢાંકી ઘર તરફ દોટ મૂકી. ઘરેથી આવ્યો હતો એના કરતાં પણ ઝડપભેર દસ માઈલ ચાલીને ઘેર પહોંચી ગયો.

બુઢ્ઢી મા એની રાહ જોતી જ પળો પસાર કરતી હતી. દીકરાને આવતો જોઈ તે ખુશખુશાલ થઈ ગઈ. દીકરાએ માની સામું ભાતનો વાટકો ધર્યો. ત્યારે માએ દીકરાને પૂછ્યું, “બેટા, તું મારા માટે ભાત લાવ્યો પણ તેં ભાત ખાધો ?” ત્યારે શરીરમાં અત્યંત થાક અને તાવથી ધખી ઊઠેલો દીકરો જુઠ્ઠું બોલ્યો, “હા મા, મારી વ્હાલી મા ! મેં પેટ ભરીને ખાધો... હવે તું ખાઈ લે.”

અને એ વખતે ધરાઈને ભાત ખાતી માને જોતાં જોતાં જ દીકરાએ દેહ છોડી દીધો.

•••

“બેટા, ગણિતના નિયમો તથા પ્રકૃતિના સિદ્ધાંતોની જેમ તારા હૃદયમાં અમે આપેલા સંસ્કારોને જડી દેજે. તો ગમે તેવી વિષમ પરિસ્થિતિ પણ તને ડગાવી નહિ શકે.” મેડિકલ લાઈનમાં આગળ ભણવા જતા દીકરા સોહમને માબાપે આવા સંસ્કારોની શિખામણરૂપી ભાતું ભરી આપી હૉસ્ટેલમાં મૂક્યો.

સોહમ પણ સમજુ, ડાહ્યો તથા હોશિયાર. તેથી માબાપની ભલામણને અગ્રિમસ્થાને રાખી મેડિકલ લાઈનમાં સિદ્ધિનાં શ્રેષ્ઠ શિખરો સર કરતો રહ્યો. એક દિવસ માબાપના આશીર્વાદ અને પોતાની મહેનત રંગ લાવી. સોહમ ગોલ્ડ મેડાલિસ્ટ ડૉક્ટર બન્યો અને શહેરની સારામાં સારી હૉસ્પિટલમાં નોકરી મળી. સમય થતાં માતાપિતાએ પોતાના સમાજની જ ડૉક્ટરી લાઈનમાં ભણતી એક સુસંસ્કારી દીકરી શૈલી સાથે સોહમનાં લગ્ન કરાવ્યાં.

લગ્ન થયા પછી એક મહિના સુધી તો નવયુવાન દંપતી માબાપ સાથે ગામડે રહ્યાં. પરંતુ પુત્ર અને પુત્રવધૂના ઉજ્જવળ ભાવિ માટે માતાપિતાએ બંનેને આજ્ઞા કરી, “બેટા સોહમ, હવે અમારી સાથે બહુ રહ્યાં. જાઓ, તમે બંને શહેરમાં. જાઓ, તમારું ભવિષ્ય ત્યાં ઊજળું છે. અહીં ગામડામાં તમે શું કરશો ?” “પણ પપ્પા, આજ સુધી તમે મારી સેવા કરી; હવે તમારી સેવા કરવાનો અમારો વારો આવ્યો છે. અમે અહીં જ એક નાનકડું ક્લિનિક (દવાખાનું) ખોલીશું. તેમાંથી ગરીબોની સેવા કરીશું અને આપની પણ.” સોહમે માબાપ પરત્વે અપાર મમતા દાખવી. “પણ બેટા, આ શૈલીનો તો તું વિચાર કર. એણે કદી ગામડું જોયું જ નથી. શહેરમાં ઊછરીને મોટી થઈ છે, અને પાછું શ્રીમંત પરિવારમાંથી આવે છે. તો તેના ખાતર અને તારી ભાવિ પેઢી માટે પણ શહેરમાં જા.”

ત્યારે માતૃ-પિતૃપ્રેમ તથા ઘરના સંસ્કારોથી રંગાયેલ શૈલી બોલી, “પિતાજી, અમારું સુખ પૈસા, સંપત્તિ કે શહેરોમાં નથી. સુખ તો તમારા ચરણોમાં રહેવામાં અને આપની સેવામાં છે. હું જ્યારે મારા પિયરનો ઉંબરો વટાવી આપને ઘેર આવી ત્યારે મારા પિતાશ્રીએ મને ભણતરની સાથે સંસ્કારો પણ કરિયાવરમાં આપ્યા છે. માટે આપ મારી જરિયે ચિંતા ન કરશો. આપનું સાંનિધ્ય, સેવા અને પ્રેમ મળે એટલે મારે મન બસ છે.”

તેમ છતાં માતાપિતાના અતિશય આગ્રહથી કમને બંને શહેરમાં ગયાં. શહેરમાં જઈ બંનેએ સાથે મળી એક હૉસ્પિટલ બનાવી. ટૂંક જ સમયમાં હૉસ્પિટલની બાજુમાં એક બંગલો પણ ખરીદ્યો.

આ યુવાન દંપતીએ ગામડે આવી માતાપિતાને પોતાની સાથે શહેરમાં રહેવા આવવા વિનંતી કરી. પિતા વિનુભાઈ તથા માતા રંજનબેન રાજીખુશીથી શહેરના બંગલામાં પોતાના દીકરા સાથે રહેવા આવ્યાં.

માતાપિતાની સેવા-શુશ્રૂષામાં આ સોહમ તથા શૈલી કોઈ ખામી નહોતાં રાખતાં. પરંતુ જન્મથી જ ગામડામાં રહી મોટા થયેલા વિનુભાઈ તથા રંજનબેને ઘરનું રજોગુણી રાચરચીલું, પશ્ચિમી પહેરવેશ, ઘોંઘાટવાળું વાતાવરણ તથા શહેરી ખાણું અનુકૂળ ન આવતાં સોહમને ગામડે મૂકી જવા વિનંતી કરી.

સોહમ થોડો અકળાયો પણ શૈલી બધી જ પરિસ્થિતિ પારખી ગઈ. શૈલીએ સોહમને બીજા ઓરડામાં લઈ જઈ માબાપની મૂંઝવણ રજૂ કરી અને હાલ ગામડે મૂકી જવા કહ્યું. થોડા સમય બાદ હૉસ્પિટલને બે વર્ષ પૂર્ણ થયાના એક સમારંભમાં સોહમ અને શૈલી ગામડે માબાપને લેવા ગયાં.

માત્ર સમારંભ પૂરતા આવવાની શરતે માતાપિતા  આવ્યાં. શહેરમાં પોતાના ઘરે પગ મૂકતાં જ વિનુભાઈએ પૂછ્યું, ‘‘સોહમ બેટા, આપણે ક્યાં આવ્યા ?’’ ‘‘પપ્પા, એ જ ઘરે જ્યાં તમે પહેલી વાર આવ્યા હતા.’’ સોહમે હસતાં હસતાં કહ્યું.

‘‘પણ બેટા, આ તો ગામડાં ગામનું ઘર હોય એવું લાગે છે.’’ રંજનબેને કહ્યું. ‘‘હા મમ્મી, તમે જ્યારે પહેલી વાર અહીંથી ઘર છોડીને ગયાં ત્યારે હું અને શૈલી ખૂબ ઉદાસ થઈ ગયાં. હવે જ્યારે તમારી સેવા કરવાનો ખરો સમય આવ્યો ત્યારે જ અમે લાચાર બની ગયાં. પછી શૈલીએ કહ્યું, જો આપણે મમ્મી-પપ્પાને અહીં આપણી સાથે રાખવાં હશે તો આપણે આપણી જીવનશૈલી તથા ઘરનું વાતાવરણ બદલવું પડશે. મેં તો આ વાત પર બહુ દાદ (ધ્યાન) ન આપી પણ શૈલીએ છ જ મહિનામાં ઘરની બહાર ગાર્ડન કરાવી દીધું. ગાર્ડન પણ વાડી જેવું. વળી ઘરમાંથી રજોગુણી રાચરચીલું કાઢી સાદું-સીધું રાચરચીલું લાવી દીધું. તમને મનપસંદ ગુજરાતી ખાણું છ મહિનામાં શીખી ગઈ અને ગુજરાતી પહેરવેશ પણ...’’

‘‘પપ્પા, અત્યારે હું તમારા દીકરાને (સોહમને) પણ રોજ રાત્રે બ્રેડ, પાંઉને બદલે રોટલા જ ઘડી આપું છું. જેથી અમને પણ ગુજરાતી ખાણું જમવાની ટેવ પડી જાય ને !’’ શૈલી બોલી.

સોહમ અને શૈલી શહેરના નામાંકિત ડૉક્ટર હોવા છતાં, મહિને લાખો રૂપિયા કમાતાં હોવા છતાં પોતાની (માબાપની) સેવા-શુશ્રૂષા માટે, આજીવન સાથે રાખવા માટે પોતાની જીવનશૈલીમાં ધડમૂળથી ફેરફાર લાવી દીધો એ જાણી વિનુભાઈ તથા રંજનબેનનાં નેત્રો સજળ થઈ ગયાં. પછીથી તેઓ કાયમ માટે જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાના દીકરા-વહુ સાથે રહ્યાં.

આ લેખનું વાંચન કરતાં કરતાં માનવભાઈ અત્યંત ગદ્ગદિત થઈ ગયા. આધુનિક ખ્યાલોમાં રાચતા આવા મહાન સાહિત્યકારો તથા ડૉક્ટરો પણ પોતાના માબાપની સેવા માટે કંઈ પણ કરવા તૈયાર થઈ જાય તો હું કેમ નહીં ?

રવિવારનો દિવસ હતો તેથી માનવભાઈને નવરાશ હતી. સાંજે પાંચ વાગ્યે તેમણે પૂ. સંત દ્વારા સૂચવેલ બાળ-વાલી સંમેલનની સભા સાંભળવાની વાત યાદ આવતાં બાપાશ્રી મહોત્સવ અન્વયે તા. ૨૨-૧૧-૨૦૨૦ના રોજ ઊજવાયેલ બાળ-વાલી સંમેલનનો લાભ લીધો.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો માનવભાઈના હૈયામાં જબરજસ્ત પ્રભાવ પડ્યો. ‘બસ, ગમે તે ભોગે હું માતાપિતાની સેવા કરીશ. પણ શેફાલી (પોતાનાં પત્ની) નહિ માને તો..? હું એમને પણ મનાવીશ.’ માનવભાઈ રસોડા ભણી ગયા અને પોતાનાં પત્ની પાસે પ્રસ્તાવ મૂક્યો...

# ૮ એવું કદાપિ નહિ બને !!!



“એટલે તમે કહેવા શું માગો છો ?” રસોડાનું કામ પડતું મૂકી શેફાલીબેન આક્રોશ સાથે બહાર આવ્યાં.

“હા, તમે જે સાંભળ્યું તે જ. આ મારો અફર નિર્ણય છે. આ ઘર મમ્મી-પપ્પાવિહોણું ક્યારેય નહિ થાય. જ્યાં સુધી મારું અસ્તિત્વ આ ખોળિયામાં છે ત્યાં સુધી તો નહિ જ. મારા જીવતે જીવ એમને વૃદ્ધાશ્રમનાં પગથિયાં ચડવાં પડે એવું કદાપિ નહિ બને !!!”

“એમ ? તો પછી સાંભળી લો. કાં તો ઘરમાં હું નહિ, કાં તો મમ્મી-પપ્પા નહીં.”

“ના, એવુંય કદાપિ નહિ બને !! પણ આપણે બધા આ જ ઘરમાં એકસાથે હળીમળીને રહીએ એવું મારું સ્વપ્નું છે. આજે હું જે કાંઈ છું, મારું આ દુનિયામાં અસ્તિત્વ છે, મારી નામના, મારું કૅરિયર, મારી શારીરિક-માનસિક સ્વસ્થતા, મારું ને તમારું મિલન આ બધું મમ્મી-પપ્પાને જ આભારી છે. એમના આપણી પર અનંત ઉપકારો છે. એને આપણાથી કેમ ભૂલી જવાય ? તમારાં મમ્મી-પપ્પા સાથે તમારો ભાઈ આવો વ્યવહાર કરે તો ?”

“એવું ના બોલશો.”

“તો આ પણ તમારાં જ મમ્મી-પપ્પા છે. એ દુભાય તો આપણું જીવતર બગડી જાય. ભલે ગમે તેવા સ્વભાવ હોય તોય એ જ આપણું સર્વસ્વ છે. એમની સેવા આપણે નહિ કરીએ તો કોણ કરશે ?”

આખરે શેફાલીબેન પણ એક માબાપનાં દીકરી તો હતાં જ. તેઓ થોડાં ઢીલાં પડી ગયાં. પણ માનસમાં અનેક તર્કો સમુદ્રની વેળની માફક ઊઠવા માંડ્યા.

“પણ હું આખો દિવસ મમ્મીની કચકચ સાંભળી કંટાળી જઉં છું. વણમાગી સલાહ આપવાની તેમની ટેવ મારા મનમાં બહુ ત્રાસ ઉપજાવનારી હોય છે. કોઈ પણ કામ કરું તેમાં તેમની ટકટક ચાલુ જ હોય. એ ઘરમાંથી જાય તો શાંતિની લાઇફ તો જીવવા મળે !”

“હું પણ તમારા જેવી જ વિચારધારામાં રાચતો હતો. મમ્મી-પપ્પાની રોકટોક મને પણ ટકટક જ લાગતી. પરંતુ એક વાત સનાતન સત્ય છે કે આપણી પાસે બુદ્ધિતત્ત્વ જરૂર છે પરંતુ સંખ્યાબંધ અનુભવોનું તારણ તો મમ્મી-પપ્પા થકી જ મળશે. આપણે દુનિયા જોઈ છે પણ દુનિયાદારી નહીં. આપણે સંબંધો બાંધતા શીખ્યા છીએ પરંતુ સંબંધોને સાચવવા કઈ રીતે તે તો દીર્ઘદ્રષ્ટા માબાપની સલાહમાંથી જ શીખવા મળશે. આપણે વ્યવહાર કરતા શીખ્યા છીએ પરંતુ વ્યવહારની વચ્ચે આવતા સંઘર્ષોને કેવી રીતે નિવારવા તે તો મમ્મી-પપ્પાની અનુભવસિદ્ધ વાણીમાંથી જ શીખવા મળશે. માટે જીવનમાં માબાપનું શિરછત્ર તો જોઈએ જ. આવું મનાશે તો એમની રોકટોક એ ટકટક નહિ પરંતુ જીવનઘડતરની પાઠશાળા મનાશે.”

"હા ચાલો, તમે કહી એ વાત મેં સ્વીકારી લીધી. પરંતુ રોજબરોજના જીવનમાં તમે જુઓ જ છો ને ! કે વગર ભૂલે પણ તેઓ ઘણી વાર મને મોટે મોટેથી સંભળાવતાં હોય છે. ઘણી વાર તો અકારણ મારી પર આક્રોશની ઝડી વરસતી હોય છે. તો એમની એ ખામી-દોષ-સ્વભાવને મારે મૂંગા મોંએ સહન જ કરી લેવાનાં ? મારે કોઈ જાતની સ્વતંત્રતા જ નહીં ? માત્ર ગુલામીપ્રથા જ સ્વીકારી લેવાની ?"

"જો તમને એક પ્રશ્ન પૂછું. તમે નાનેથી મોટા તો તમારી મમ્મી જોડે જ થયાં છો ને ! સ્વાભાવિક છે કે તમારા મમ્મીમાં પણ વત્તા-ઓછા પ્રમાણમાં કોઈક દોષ-સ્વભાવ તો હશે જ ને ! આ જગતમાં ઈશ્વર વિના બીજું કોઈ સર્વાંગ સંપૂર્ણ તો નથી જ. છતાં તમે એમના દોષોને લક્ષ્ય પર લીધા ? એ દોષો જોઈને તમે એમની પ્રત્યે કોઈ દિવસ ખરાબ વ્યવહાર કર્યો ? એ દોષો બદલ તમે કેટલી વાર એમની સાથે સંઘર્ષમાં ઊતર્યાં ? એ દોષો જોઈને તમે કેટલી વાર એમનાથી અળગા થવાનો વિચાર કર્યો ? એમની સાથેના સંબંધો પર કાતર મૂકી દેવાનો વિચાર કદી કર્યો ? કહેશો કે એક વાર પણ નહીં. કારણ, તમારી આંખ સામે સતત એમના તમારી પરના ઉપકારો જ તરવર્યા કરે છે. આ બ્રહ્માંડમાં જન્મ એમણે આપ્યો છે, અનેક દુર્ગુણોથી બચાવી સદ્‌ગુણો એમણે આપ્યા છે, દુઃખી હોવ ત્યારે પ્રેમાળ ગોદ એમણે જ આપી છે. એમના દોષો ચિંતાજન્ય તો નહિ જ પણ સ્મરણીય છે. બસ, મારું કહેવું આટલું જ છે કે જ્યાં ઉપકારોના સ્મરણનું જ આધિપત્ય હોય ત્યાં દોષદર્શન થઈ જ ક્યાંથી શકે ? ઉપકાર સ્મરણનો અભિગમ તમે તમારાં મમ્મી-પપ્પા માટે અપનાવી શકો તો આ પણ મારાં એકનાં નહિ, તમારાં પણ મમ્મી-પપ્પા છે તો તેમની માટે પણ એવો જ અભિગમ રાખો ને !"

"તમારી વાત સાચી છે કે મારા મમ્મીની જેમ જ મારે તમારાં મમ્મી સાથે વર્તાવ કરવો જોઈએ. પરંતુ એ તો સ્વાભાવિક છે કે મારાં મમ્મી તો કાયમ મને જ વ્હાલ આપતાં, પ્રેમ કરતાં એટલે મને તેમના ઉપકારો સ્મરણમાં રહે પરંતુ તમારાં મમ્મી મારાં કરતાં બહેનને જ વિશેષ ચાહતાં હોય, એમને જ છાની છાની વસ્તુઓ આપી એમનું જ ઘર ભરતાં હોય અને મારી સાથે અન્યાય કરતાં હોય તો ત્યારે કેવો વિચાર કરવો ? આપી શકશો આનો ઉત્તર ?"

"હા, આવા સંજોગોમાં તમારે વિચાર કરવો જોઈએ કે, અંતે તો એમની બધી મિલકત મને જ મળવાની છે ને ! બીજું, તમારાં મમ્મી તમારી ભાભી કરતાં તમને વધુ રાખે, વધુ પ્રેમ કરે, છાના છાના પૈસા-દાગીના તમને આપે તો તે કાંઈ ખોટું નથી કરી રહ્યાં ?" "કહેશો કે એમાં ખોટું શું ? મારી મા છે. એમને કૂખે જન્મી છું. એટલે મારા માટે લગાવ હોય જ ને !" "બસ, આ જ વિચાર તમે અહીં કરો ને ! તો કદી મમ્મીના આવા વર્તન બદલ તમને એમનાથી દૂર જવાનો વિચાર નહિ આવે.

બીજું, રહી વાત મમ્મીની તમારા પ્રત્યેના પ્રેમની ! તમને નથી ખબર પણ બાજુવાળા માસી પાસે બેસી મમ્મી

કેટલીય વાર તમારા ગુણોનું ગાન કરતાં હોય છે તે મેં મારા કાનોકાન અનેક વાર સાંભળ્યા છે. એટલું જ નહિ, વ્યવહાર પ્રસંગે બધા ભેગા થાય ત્યારે તમારી રસોઈ તથા ઘરકામનાં પણ વખાણ કરતાં હોય છે. તમે નોકરીએ જાવ ત્યારે રક્ષાને ખૂબ સાચવે છે. આ તમારા પ્રત્યેનો પ્રેમ નહિ તો બીજું શું ?'' આ સાંભળતાં શેફાલીબેનના આંખના ખૂણે આંસુ ભરાઈ આવ્યાં.

''તેમ છતાં હું સ્વીકારું છું કે સ્વભાવગત મમ્મીથી ક્યારેક તમને ઊંચા અવાજે બોલાઈ જવાતું હોય છે. ઘણી વાર તમને સેટ ન થાય તેવું વર્તન પણ થઈ જતું હોય છે. પરંતુ આપણે હળીમળીને, આનંદથી ઘરમાં રહેવું હશે તો મનને સમાધાન માટે તૈયાર રાખવું જ પડશે. હું એમનમ આ અફર નિર્ણય પર નથી આવ્યો. છેલ્લા અઠવાડિયાથી હું આ બાબતે મૂંઝવણ અનુભવી રહ્યો છું. મેં મમ્મી-પપ્પાને વૃદ્ધાશ્રમમાં મૂકવાનો નિર્ણય લીધો પછી એસ.એમ.વી.એસ.ની અઠવાડિક સભામાં ગયેલો. ત્યાં 'માતાપિતાનો આદર' વિષય પર પૂ. સંતે લાભ આપ્યો. ત્યારથી મને ગડમથલ ઊભી થઈ. ત્યારબાદ વકીલશ્રીની નોંધપોથી વાંચી. પછી વૃદ્ધાશ્રમની મુલાકાતે પણ ગયેલો. ત્યાં વૃદ્ધોની જે દુર્દશા મેં નજરે નિહાળી હતી... જો, તેની વિસ્તારથી વાત કરું. (માંડીને બધી વાત કરે છે.)

ત્યારથી હું ગડમથલમાં છું. છેલ્લે સંતના કહેવાથી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની 'વાલી સંમેલન'ની કૅસેટ સાંભળીને તો મેં અફર નિર્ણય લીધો કે મમ્મી-પપ્પાને વૃદ્ધાશ્રમમાં નહિ જ જવા દઉં. એમને સાચવવા માટે મારા સ્વભાવ, ઘરનું વાતાવરણ, ટેવ-કુટેવો જે કાંઈ બદલવું પડે તે બદલી નાખીશ. એ માટે મારે તમારા સાથની જરૂર છે. તમે જાણો છો કે વૃદ્ધાવસ્થા એટલે બાલ્યાવસ્થાનું બીજું સ્વરૂપ જ છે ! બાળકને ચાલવા માટે માબાપની આંગળીનો સહારો જોઈએ છે, જ્યારે વૃદ્ધને ચાલવા માટે લાકડીનો ટેકો જોઈએ છે. બાળકના દાંત ઊગ્યા નથી હોતા તો વૃદ્ધના દાંત ટક્યા નથી હોતા. બાળકની સમજશક્તિ મંદ હોય છે તો વૃદ્ધની સ્મૃતિશક્તિ મંદ હોય છે. બાળકના હાથ વજનદાર વસ્તુ ઊંચકવા લાચાર હોય છે તો વૃદ્ધના હાથ કમજોર હોય છે. બાળકને માતાની પ્રેમાળ ગોદથી હૂંફ મળે છે તો વૃદ્ધને સંતાનોના સ્નેહાળ સંબંધથી હૂંફ મળે છે. માટે મમ્મી-પપ્પા આપણને સમજે એ અપેક્ષા છોડી હવે એમને સમજવાની ભાવના આપણે કેળવવાની છે. શું તમે મારા આ અફર નિર્ણયની સાથે સંમત છો ?''

''મમ્મી મારા માટે આટલું શુભ વિચારે છે ! એવો તો મને સ્વપ્નેય ખ્યાલ નહોતો. આજે તમે મારી આંખ ખોલી. મમ્મી-પપ્પા આપણી સાથે જ રહેશે. આ જ ઘરમાં. એમની સેવા આપણે જ કરીશું. આજે જ મમ્મી-પપ્પાની માફી માગી એમના પ્રત્યે દાખવેલા ગેરવર્તનના ગુનામાંથી મુક્તિ મેળવીએ.''


(સાંજે માનવભાઈ તેમના પિતા પાસે જાય છે.)

"પપ્પા ! એક વાત કરું ?"

"બોલ ને બેટા."

"પપ્પા ! આપ કાયમ મને કહેતા કે બેટા, તું જ્યારે બાપ બનીશ ત્યારે ખબર પડશે કે એક બાપને પોતાના સંતાન પ્રત્યે કેટલો પ્રેમ હોય છે ! પપ્પા, ખરેખર આટલા વર્ષે આજે ખ્યાલ આવે છે કે આપે મારા જીવનના સર્વાંગી ઘડતર માટે કેટલો ભોગ આપ્યો છે ! હું નાનેથી મોટો તો થઈ ગયો પરંતુ જ્યાં સુધી મારામાં જોઈએ તેવી સમજશક્તિ ન વિકસી ત્યાં સુધી તમે મને સતત પ્રેમની વર્ષામાં ભીંજવે જ રાખ્યો ! એકની એક ભૂલોનું પુનરાવર્તન કરતો જ રહ્યો છતાં આપે મને દોષિત ગણી તરછોડવાને બદલે અણસમજુ ગણી સાચી દિશા ચીંધ્યે જ રાખી. વ્યવહાર માર્ગે અણઘડ એવા મને વણમાગી સલાહ આપી આપ અળખામણા થતા જ રહ્યા, કેવળ મારા હિત ખાતર ! પપ્પા, હું આપને સમજી ન શક્યો. આપે મને કેવળ પ્રેમ જ આપ્યો, જ્યારે મેં બદલામાં કાંટાળો ગુલદસ્તો જ તમને ભેટ ધર્યે રાખ્યો. મને માફ કરો, પપ્પા ! કયા શબ્દોમાં આપના ઉપકારની લાગણી વ્યક્ત કરું તે મને સમજાતું નથી."

માનવભાઈ કાંઈ વધુ બોલે તે પહેલાં પિતા અશોકભાઈ ઊભા થઈ તેમને ભેટીને રડવા જ લાગ્યા. માનવભાઈ



પણ પિતાને ગળે વળગી ખૂબ રડ્યા. દીકરાના માથા અને ખભા પર સ્નેહાળ હાથ ફેરવતાં અશોકભાઈ એટલું જ બોલ્યા, ''હે ભગવાન, વર્ષોથી ખોવાઈ ગયેલો મારો માનવ આજે મને પાછો મળી ગયો ! બેટા માનવ, આજે તું ખરો માનવ બન્યો.''

(આ બાજુ શેફાલીબેન તેમનાં સાસુ પાસે જઈને બેસે છે.)

''મમ્મી ! રાજલબેનની તમને ઘણી ખોટ વર્તાતી હશે, નહીં ?''

''કેમ આવું પૂછે છે ?''

''મમ્મી ! બહેન તમારી ખૂબ સેવા કરતાં. તમારી લાગણીઓને સમજતાં. જ્યારે હું આપને આજ સુધી સમજી ન શકી. કેવળ આપની સાથે સંઘર્ષમાં જ ઊતરી છું. કદી પ્રેમાળ વાણીથી તમને બોલાવ્યાં નથી. તેનું કારણ, હું તમને માત્ર મમ્મી કહીને બોલાવતી હતી પરંતુ મારી માનીનતા તો સાસુ તરીકેની જ રાખતી હતી.


મમ્મી ! આપ રોકટોક કરતાં તે મને ટકટક લાગતી પરંતુ આપને અંદરથી મારા પ્રત્યે કેટલો ભાવ છે તે તો આજે મને રક્ષાના પપ્પા થકી જ જાણવા મળ્યું. મમ્મી ! ઘણી વાર શબ્દના અર્થ કરતાં શબ્દના ભાવને સમજવો બહુ જરૂરી હોય છે. મેં માત્ર તમારો મારી સાથેનો બાહ્ય વર્તાવ અને મને કહેલા શબ્દોનું જ અર્થઘટન કર્યું પરંતુ એવું કરવા કે કહેવા પાછળ મારું હિત કરવા માટે તમારો કેવો પ્રેમાળ ભાવ છુપાયેલો હતો તે હું પિછાની ન શકી. એટલે જ હું લીંબુના પાણીની જેમ સહુ સાથે ભળી જવાને બદલે પાણીમાંના તેલની માફક અળગી જ રહી. પણ મમ્મી ! મને માફ કરી દો. આજ પછી રાજલબેનની ખોટ તમને ક્યારેય નહિ વર્તવા દઉં. આજ પછી તમે મારી મા અને હું તમારી દીકરી. મારાં હૃદય સિંહાસનમાં તમારું સ્થાન મા તરીકેનું જ રહેશે. તમે મને તમારા હૃદયમાં દીકરીનું સ્થાન આપશો ને ?'' કહેતાં શેફાલીબેન મમ્મીના ચરણોમાં ઢળી પડ્યાં. પશ્ચાત્તાપના આંસુથી તેમના ચરણ પખાળવા લાગ્યાં.

જીવનમાં પહેલી વાર પુત્રવધૂનો પ્રેમાળ વર્તાવ જોઈ સાસુમાની આંખો ભીની થઈ ગઈ. તેઓ ઊભાં થયાં અને શેફાલીબેનને ગળે લગાડી ખૂબ રડ્યાં. એટલું જ બોલ્યાં, ''બેટા, તું તો આ ઘરમાં આવી ત્યારથી જ મારી દીકરી થઈ ચૂકી છું. બસ હવે ઘરનો વહીવટ બધો સંભાળી લે તો હું સુખે ભગવાનનું ભજન કરી શકું.'' કહેતાં સાસુમાએ તિજોરીની ચાવીનો ઝૂડો શેફાલીબેનના હાથમાં મૂકી દીધો.

પારિવારિક પ્રશ્નોના સુલેહથી ઉજ્જડ વન સમાન ઘર સુંદર ઉપવન બની ગયું. એ રાત્રે મા-દીકરી અને બાપ-દીકરાએ સાથે બેસીને જમાડ્યું અને મન ભરીને ખૂબ વાતો કરી.

આજે માનવભાઈ અને શેફાલીબેનને કે તેમના મમ્મી-પપ્પાને કોઈને આનંદના અતિરેકમાં, હર્ષમાં આંખો મીંચાતી નહોતી. છતાંય થાકેલું હૃદય અતિ પ્રફુલ્લિત હતું.

# ૯ વડીલોનું શાણપણ



(માફી માગ્યાના પંદર દિવસ પછી)

"બેટા, તું મને એ તો કહે કે અચાનક જ તારા અને શેફાલી બેટામાં આટલો બધો બદલાવ આવી ગયો તે પાછળ કઈ બાબત કારણભૂત છે ?"

"હા બેટા, પહેલાં તને જોઈને તારી માની આંતરડી કકળી ઊઠતી; આજે હૈયામાં ટાઢક થાય છે. તને ને શેફાલીને જોઈને હૈયામાં હરખ નથી મા'તો." (માતા માનવભાઈના માથા પર હાથ ફેરવતાં કહે છે.) રાત્રિના ૯ વાગ્યે ઘરની બહારના ચોકમાં હિંડોળા પર માનવભાઈની સાથે માતાપિતાનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો.

થોડી વાર મૌન રહ્યા બાદ માનવભાઈએ ગદ્‌ગદિત સ્વરે કહ્યું,

"મમ્મી... પપ્પા... સાચું કહું તો મારા જીવનના turning pointનો (વળાંકનો) મુખ્ય આધાર એસ.એમ.વી.એસ. સંસ્થાની અઠવાડિક સભા, એમાં લાભ આપનાર પૂ. સંત, મંદિરે આવતા વકીલ સાહેબ અને એમની નોંધપોથી, વૃદ્ધાશ્રમનો બગીચો તથા..."

"બીજું શું, બેટા ?"

"અને કારણભૂત આધાર તો એસ.એમ.વી.એસ. સંસ્થાના ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણી રહી. આજે મને આ બધું ન મળ્યું હોત તો કદાચ મેં મારા જીવનનો સૌથી મોટો છતાંય સૌથી ખોટો નિર્ણય લઈને તમને ગુમાવી દીધાં હોત."

આટલું કહી માનવભાઈએ પોતાના જીવનમાં આવેલા પરિવર્તનની ગાથા માતાપિતાને કહી સંભળાવી.

આમ ને આમ રાત્રિના ૧૧:૩૦ વાગી ગયા.

માનવભાઈની પરિવર્તનગાથા સાંભળી માતાપિતા અત્યંત ગદ્‌ગદિત થઈ ગયાં. પિતા અશોકભાઈને પણ મંદિરે પૂ. સંતને મળવા જવાનું મન થયું.

"બેટા, એક કામ કરીશ ? કાલે તું ઑફિસે જા તે પહેલાં મને તે મંદિરે ઉતારતો જઈશ ?"

"હા પપ્પા, કેમ નહીં ? હું પણ તમારી સાથે આવીશ અને એ સ્વામીજી પણ તમને મળવા ઉત્સુક છે."

આજે ફરીથી આ ઘરમાં શાંતિ અને સુખે પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું છે. સ્વાર્થવૃત્તિએ રાજીનામું મૂક્યું ત્યારે સહિષ્ણુતા અને સંવેદનશીલતાએ ખુરશી ગ્રહણ કરી લીધી. પરિણામે ઘરના તમામ ખૂણા, તમામ દીવાલો તથા ઘરના તમામ સભ્યોનાં હૃદય પ્રેમ અને પ્રસન્નતાથી હર્યાંભર્યાં બની ગયાં છે.

•••

**પૂ. સંત :** અરે આવો આવો માનવભાઈ, જય સ્વામિનારાયણ. દયાળુ, રાજી રહેજો.

**માનવભાઈ :** સ્વામીજી, જય સ્વામિનારાયણ. રાજી રહેજો. (અતિ આનંદના ઉમળકા સાથે બોલતાં બોલતાં પૂ. સંતને દંડવત કરે છે. આ જોઈ અશોકભાઈ આશ્ચર્યચકિત થઈ જાય છે – મારા દીકરામાં આટલો બધો સુધારો !)

**પૂ. સંત :** માનવભાઈ, આ તમારા પિતાશ્રી લાગે છે.

**માનવભાઈ :** હા દયાળુ, મારા પિતાશ્રી અશોકભાઈ છે. એમને આપને મળવું હતું તેથી સાથે લાવ્યો છું. દયાળુ, મારે ઑફિસે જવાનું છે, આપને સમયની અનુકૂળતા હોય તો પપ્પાને સત્સંગ કરાવજો. ભલે ત્યારે, હું જઉં છું.

(માનવભાઈ ઑફિસે જવા નીકળે છે અને અશોકભાઈ પૂ. સંત આગળ બેસે છે.)

**અશોકભાઈ :** જય સ્વામિનારાયણ, સ્વામીજી. તમારા સત્સંગના પ્રતાપે તો મારા દીકરામાં ગજબનો ફેરફાર આવી ગયો. વર્ષો પૂર્વે ખોવાયેલ મારો દીકરો મને પાછો મળ્યો હોય તેવી અંતરમાં આઠે પહોર આનંદની અનુભૂતિ થાય છે.

(આટલું બોલતાં અશોકભાઈની આંખો ભીની થઈ જાય છે.)

**પૂ. સંત :** હા દયાળુ, એ વાત તો ખરી પરંતુ અમારા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીના પ્રભાવે જ માનવભાઈનું જીવનપરિવર્તન શક્ય બન્યું છે. ખરેખર તો અશોકભાઈ, સુખી પરિવારની કલ્પના અને તેના આનંદી અનુભવો કાંઈ પૈસા, સંપત્તિ કે જાહોજલાલી પર આધારિત નથી. એ તો પરિવારના સભ્યો વચ્ચેના કોમળ, લાગણીભર્યા તથા હૂંફાળા સંબંધો પર આધાર રાખે છે.

**અશોકભાઈ :** હા સ્વામીજી, તમારી વાત એકદમ સાચી છે. ઘરમાં બધું સેટ હોય પણ ઘરના સભ્યો જ અપસેટ હોય તો શું કામનું ? (અશોકભાઈએ હસતાં હસતાં કહ્યું.) (બે ઘડી મૌન રહી...)

**અશોકભાઈ :** સ્વામીજી, બસ અમારા ઘરમાં આવી ને આવી આત્મીયતા કાયમ માટે જળવાયેલી રહે તે માટે અમને ખૂબ ખૂબ આશીર્વાદ બક્ષો. (અશોકભાઈ સંતના ખોળામાં માથું મૂકે છે.)

**પૂ. સંત :** અરે અશોકભાઈ, આશીર્વાદ તો શ્રીજીમહારાજ અને ગુરુજી આપે. એ એમનો અધિકાર છે. અમે પ્રાર્થના જરૂરથી કરીશું. ભાઈ, એક હાથે તાળી ન પડે એ ન્યાયે માની લો કે ઘરમાં કુસંપનું વાતાવરણ બહુધા માનવભાઈ તથા તેમના ધર્મપત્નીને લઈને ખડું થયું હશે તેવું સમજી માનવભાઈ તો પોતાના જીવનને બદલવા તૈયાર થયા છે, પણ તમારેય ઘરની આત્મીયતા બરકરાર રાખવા કંઈક અંશે તો બદલાવું પડશે ને !? (પૂ. સંતે હસતાં હસતાં મર્મમાં કહ્યું.)

**અશોકભાઈ :** હા... હા... કેમ નહીં ? મારી પણ જ્યાં કંઈ ભૂલ થતી હોય તે નિશ્ચિતપણે કહો. હું પણ સુધારો કરીશ.

**પૂ. સંત :** એક તો અત્યારે માનવભાઈનું હૃદય લાગણીઓથી ભીનું થયું છે, અંતઃકરણ પસ્તાવાથી સભર છે, દિલ ઉપકારોથી ભાવુક છે. જ્યારે માટી ભીની થાય ત્યારે માળી મનગમતા ફૂલના છોડ વાવી દે તેમ અત્યારે માનવભાઈને તમે પણ ભરપૂર પ્રેમથી વાળી લો પણ તે માટે જોઈશે ધીરજ, શ્રદ્ધા અને વિશ્વાસ.

**અશોકભાઈ :** હા, બરાબર છે. હવે હું તેને દરેક પરિસ્થિતિમાં પ્રેમથી સંભાળવાનો પ્રયત્ન કરીશ.

**પૂ. સંત :** બીજું, હવે તમે પ્રૌઢાવસ્થા વટાવી ચૂક્યા હશો ?

**અશોકભાઈ :** હા સ્વામીજી, અત્યારે મારે સાઈઠમું (સાઠમું વર્ષ) ચાલુ છે.

**પૂ. સંત :** તો તો હવે નિવૃત્ત જ હશો ?

**અશોકભાઈ :** હા, આમ તો માનવને સારી કંપનીમાં જૉબ મળી ત્યારથી હું આર્થિક ઉપાર્જનનું કોઈ જ કામ કરતો નથી. બસ ઘરની તથા વ્યવહારની જવાબદારી વહન કર્યા કરું છું.

**પૂ. સંત :** હવે અશોકભાઈ, માથે ભાત પીરસાઈ ગયો (ધોળા વાળ આવ્યા), પંગત ઊઠવાની તૈયારી છે તો સમાજના, ઘરના વ્યવહારો માનવભાઈને સોંપી દો અને તમે ભગવાનનું ભજન કરો.

**અશોકભાઈ :** પણ માનવ હજુ બાળક જેવો જ છે. ભલે તે મહિને લાખો રૂપિયા કમાતો હશે પણ વ્યવહારમાં તેને કંઈ ગમ પડતી નથી.

**પૂ. સંત :** હં... હવે ખાટલે ખોટ પકડાઈ.

અશોકભાઈ, 'આટલું અંતર જો હોય સહવાસમાં; તો સમજવું ક્યાંક ખૂટે છે કશુંક વિશ્વાસમાં.'

તમે અને માનવભાઈ ઘરમાં એક છત નીચે રહેવા છતાંય અંતર શા માટે ? તો તમે તેમને વિશ્વાસથી આજ સુધી કશું સોંપ્યું નથી. વિશ્વાસથી બધું સોંપશો તો જરૂર તમારાથી સવાયો વ્યવહાર કરશે. આમ પણ ઘરડે ઘડપણે દીકરા-વહુઓને બદલે વડીલો લગ્નમાં જાય તો શોભશે ? (પૂ. સંતે હળવેકથી કહ્યું.)

**અશોકભાઈ :** હા, એ વાત તમારી સાચી.

**પૂ. સંત** (ગંભીર સ્વરે) **:** તમે હજુ માનવભાઈને બાળક જ સમજો છો. પણ ખરેખર એ પણ એક સંતાનના પિતા છે. તમારા તરફથી સમાજ-વ્યવહારમાં એમની અવગણના, ઉપેક્ષા કે અનાદર એમના દિલમાં વેદના પેદા કરતાં હશે. આ દુનિયામાં કોઈ અમરપટો લઈને આવ્યું નથી. તમારા ગયા પછી એમને જ બધું સંભાળવાનું છે. તો અત્યારથી એમને બધું સોંપતા જાવ.

**અશોકભાઈ :** તમારી વાત વિચારવા જેવી ખરી...

**પૂ. સંત :** રાજી રહેજો પણ આ વાત આપે માત્ર વિચારવાની નથી, અપનાવવાની છે. બીજું, હવે તમારે માનવભાઈને અને સાસુએ વહુને દરેક નાની કે મોટી કોઈ પણ બાબતોમાં વણમાગી સલાહો કે અભિપ્રાયો આપવાની ટેવ સુધારવી પડશે. કારણ કે આજના યુવાનો કમ્પ્યૂટર યુગમાં જન્મ્યા છે. વડીલોની સોનેરી સલાહ તેઓ ટકટક ને કચકચિયા સ્વભાવમાં ખપાવી દે છે. તો શા માટે એવા ભારરૂપ થવું ? ગુજરાતીમાં કહેવત છે, 'નમે તે સૌને ગમે' એ તો ખરું પણ 'નડે નહિ તે સૌને ગમે' એ જીવનની કહેવત છે. હવે તમે માનવભાઈના રોટલા જમો છો એટલે ખરેખર તમે સ્વતંત્ર નથી, પરતંત્ર છો. ત્યારે તમારી રીતિ-નીતિ, સ્વભાવો, અભિપ્રાયો તથા ઇચ્છાઓને તેઓ પર લાદો નહીં. તેમનું બધું તમે અપનાવી લો.

**અશોકભાઈ :** પણ, તેમને કોઈ અનુભવ ન હોય એટલે કહેવું તો પડે જ ને ?

**પૂ. સંત :** જો એક વાત સમજી જ રાખવી કે યુવાનીના છોડ પર અનુભવનાં ફૂલ વહેલાં આવતાં જ નથી. તેનો મતલબ એવો નથી કે તેમની અનિચ્છા હોવા છતાં આપણે એમના છોડે આપણા અનુભવનાં ફૂલ ચોંટાડીએ. આપ સમજ્યા ???

**અશોકભાઈ :** હા, બરાબર સમજી ગયો. પણ એક મૂંઝવણ થાય છે. આ મારા વ્હાલા જુવાનિયાઓ આપણું કીધું કંઈ માનતા જ નથી. બસ એમણે નક્કી કર્યું હોય એમ જ કરે. કોઈક બાબતમાં તો સમજવું જોઈએ ને.

**પૂ. સંત :** જુઓ દયાળુ, ઘરમાં સુખ-શાંતિ કેળવવા, અનુભવવા તમે આજ સુધી તમારા સ્વભાવને અનુકૂળ ઘરના દરેક સભ્યોના સ્વભાવોનું નિર્માણ કરવા મથતા રહ્યા પણ... તેમાં તમે કામયાબ ન નીવડ્યા. તો હવે એ બધાના સ્વભાવને અનુકૂળ તમારો સ્વભાવ કરી દો એટલે પ્રશ્ન સોલ્વ. બરાબર ને..?

**અશોકભાઈ :** સ્વામીજી, તમે આ નાનકડી વાતમાં ઘણું ભરી દીધું હોં...

ટૂંકમાં, હું ભલે આ જમાના સાથે તાલમેલ રાખીને ન જીવું પણ તેમને તો જીવવા દેવાં જ પડશે.

**પૂ. સંત :** બસ... આટલું જ કરવાનું છે. (થોડી ક્ષણ માટે મૌન રહ્યા બાદ...)

અશોકભાઈ, છેલ્લી એક વાત કહું તો માબાપે તમારા પર અનંતાનંત ઉપકારો કર્યા છે, એવા એવા તો કેટલાય પાઠો અમે માનવભાઈને ઠાંસી ઠાંસીને સમજાવ્યા છે પણ તેમના હૃદયમાં તમારા ઉપકારોની યાદી તો જ જળવાયેલી રહેશે જો તમે હવે તમામ બાબતોમાં અનુકૂળ અને અનુરૂપ થઈને રહેશો તો. અને બીજું, તમે કરેલા ઉપકારોને તેમની આગળ ગાઈ ન સંભળાવો.

**અશોકભાઈ :** હા સ્વામીજી, આપ તો આગથી ઝરતા સંસારરૂપી રણમાં પાણીની મીઠી વીરડી સમાન છો, આપનો કીમતી સમય આપી આપે મને આદર્શ વડીલની (પિતાની) ફરજો સમજાવી છે. હું એ પ્રમાણે અનુસરવા પૂરો પ્રયત્ન કરીશ અને હવેથી માનવની સાથે હું પણ દરરોજ દર્શને તથા અઠવાડિક સભામાં લાભ લેવા આવીશ.

**પૂ. સંત :** સાથે ઘરના સભ્યોને પણ લાવવા જેથી ગાડીનાં ચારેય પૈડાં બરાબર રહે. ભલે ત્યારે, જય સ્વામિનારાયણ.

(અશોકભાઈ પૂ. સંતને હૃદયપૂર્વક ચરણસ્પર્શ કરી પૂ. સંતે આપેલ શિખામણરૂપી ભાતું લઈ ઘર ભણી ચાલ્યા જાય છે.)

# ૧૦ ચાલો માતૃ-પિતૃ વંદના કરીએ




આ એવો પરિવાર છે,
જ્યાં શંકાને નહિ; સમાધાનને સ્થાન છે.
જ્યાં વેરને નહિ; પ્યારને સ્થાન છે.
જ્યાં ગુસ્સાને નહિ; પ્રેમને સ્થાન છે.
જ્યાં સ્વચ્છંદિતાને નહિ; સ્વતંત્રતાને સ્થાન છે.
જ્યાં સંકુચિતતાને નહિ; વિશાળતાને સ્થાન છે.
જ્યાં રુદનને નહિ; કેવળ હાસ્યને સ્થાન છે.

‘અરે વાહ ! અદ્‌ભુત પરિવાર છે !! પણ આ માનવભાઈનું જ ઘર છે ને ! હા, ઍડ્રેસ પ્રમાણે તો એવું જ લાગે છે. પણ પરિવારના પ્રશ્નોના સમાધાન માટે મારી સાથેની એમની જે મુલાકાત થયેલી એ શું ? ખેર, જે હોય તે અંદર તો જઉં…’

ટીન… ટીન…

“ઓ વકીલ સાહેબ, આપ ? જય સ્વામિનારાયણ, પધારો… Welcome.” (માનવભાઈ તેમને અંદર લઈ જઈ પપ્પાની બાજુના સોફા પર બેસાડે છે.)

“માનવભાઈ, એક પ્રશ્ન પૂછું ?”

“હા, કેમ નહીં ?”

“પેલા… સમાધાનની વાત ? આ ઘર બહાર લગાવેલું સ્ટિકર ? આ શું ?”

“સાહેબ, પાણીમાં જ્યારે લીંબુનો રસ, મીઠું, ખાંડ અને સંચળ ભળે છે ત્યારે તે સ્વાદિષ્ટ શરબત બની જાય છે. તેમ પરિવારના સભ્યોમાં દયા, પ્રેમ, લાગણી, સહનશીલતા, સમજવાની ભાવના, ક્ષમા આદિ ગુણો કેળવાય છે ત્યારે એ ઘર પૃથ્વી પરનું ઘર જ નહિ પરંતુ અક્ષરધામ તુલ્ય બની જાય છે. અમારા પરિવારમાં પણ આવો જ કોઈ ચમત્કાર સર્જાયો છે.”

માનવભાઈના મમ્મીએ વચ્ચે જ ઉમેર્યું, “સાહેબ, જે પુત્રવધૂ હું બીમાર પડું તો મારી સામે જોવા પણ તૈયાર નહોતી થતી એ રોજ મારા પગ દબાવે છે.”

“સાહેબ, જે મમ્મી રોજ હું જૉબ પરથી આવું ત્યાં સુધી હમણાં શેફાલી દીકરી આવીને રસોઈ બનાવશે તેની રાહે બારણે બાજુવાળાં માસી જોડે બેસી રહેતાં એ જ મમ્મી રોજ મને તૈયાર ભાણે જમવાનું આપે છે.” શેફાલીબેને ગળગળા અવાજે કહ્યું.

“વકીલ સાહેબ, મારો દીકરો માનવ માત્ર મારી સાથે હકના દાવા માટે જ સમય વિતાવતો. તે માનવ આજે રોજ ઑફિસેથી છૂટી મારી પાસે કલાક બેસી દિવસ દરમ્યાનના સારા-નરસા અનુભવો અને સત્સંગની વાતો કરે છે.” પિતાએ આંખના ખૂણે બાઝી આવેલા આંસુના બુંદને લૂછતાં કહ્યું.

“પરંતુ આ બધો ચમત્કાર સર્જાયો તેની પાછળનું રહસ્ય શું ?”

“સાહેબ, એસ.એમ.વી.એસ.ની અઠવાડિક સભા, આપની નોંધપોથી, વૃદ્ધાશ્રમના બગીચાની મુલાકાત દરમ્યાન જોયેલું કરુણ દૃશ્ય, મંદિરના બાંકડે બેઠેલા વૃદ્ધ દાદાઓની ચર્ચા, ‘સંતાનોને સેવાની હોંશ’ લેખવાંચન અને પૂ. સંતની ભલામણ તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની ‘વાલી સંમેલન’ સભામાંથી મળેલ દિવ્ય શીખ મારા જીવનપરિવર્તનની સીડી બની રહી હતી.

(માનવભાઈએ આ બધાની વિગતે વાત કરી.)

પછી મેં મારા ધર્મપત્નીને મારા અફર નિર્ણય માટે વાત કરી તેમને સંમત કર્યાં. તેમણે મને મારા નિર્ણયમાં સફળ થવા પૂરેપૂરો સાથ આપ્યો. એટલે જ આજે મમ્મી-પપ્પા અમારી સાથે છે. એ જ દિવસે અમે મમ્મી-પપ્પાની ખૂબ માફી માગી. અમારામાં આવેલું પરિવર્તન જોઈ તેઓ ખૂબ રાજી થઈ ગયાં. બસ, આ છે અમારા પરિવારની પરિવર્તનગાથાનું રહસ્ય !"

"સાહેબ, હમણાં મને કોરોના થઈ ગયેલો. હું ચૌદ દિવસ હોમ ક્વૉરન્ટાઇન હતી. પરમ દિવસે જ બહાર આવી છું. મારી દીકરી શેફાલીએ મારી ખરા દિલથી સેવા કરી છે. મારા ચૌદ દિવસના વિયોગ દરમ્યાન એ ખૂબ રડી હતી. ત્રણ ટાઇમ મને સારું સારું બનાવીને જમાડતી. બે ટાઇમ મને મોસંબીનો રસ પિવડાવતી. આદુનો રસ અને હળદરવાળું દૂધ કરીને પિવડાવતી. જેથી જલદી રિકવરી આવે. એટલું જ નહિ, લીલા નારિયેળનું પાણી જાતે કાઢી મને પિવડાવતી. સમયે સમયે મને દવા લેવાનું યાદ કરાવતી. મને એકલવાયાપણું મહેસૂસ ન થાય એટલે રોજ ત્રણ ટાઇમ પંદર-વીસ મિનિટ વિડિયો કોલ કરી મારી સાથે વાતો કરતી. મને હસાવતી. મને વારંવાર આશ્વાસન આપતી કે, 'મમ્મી, તમને જલદી સારું થઈ જશે. તમે ચિંતા ન કરશો. તમારે જે જોઈએ, જે જમવું હોય તે છૂટથી કહેજો. હું તમારી બધી જ જરૂરિયાત પૂરી પાડીશ.' સાહેબ, એક દિવસ તો રૂમમાં મને ખૂબ રડવું આવી ગયું કે, એક દીકરી સગી માની સેવા ન કરે એવી સેવા શેફાલી દીકરીએ મારી કરી છે." કહેતાં માનવભાઈનાં મમ્મી ગળગળા થઈ ગયાં.

"માનવભાઈ, જો ખરા સમયે તમે એસ.એમ.વી.એસ.ની અઠવાડિક સભામાં ન પધાર્યા હોત તો તમારું આ સુંદરવન જેવું દેખાઈ રહેલું ઘર ઉજ્જડ અરણ્ય સમાન બની ગયું હોત ! આપણા વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ માતાપિતાની સેવાના અત્યંત આગ્રહી છે. તેઓએ સમગ્ર એસ.એમ.વી.એસ.ના સમાજમાં યુવાનોમાં માતાપિતાનો આદર જળવાયેલો રહે તે માટે બાપાશ્રી મહોત્સવ ઉપક્રમે ૨૬, જાન્યુઆરીના દિને 'માતૃ-પિતૃ વંદના' કાર્યક્રમ ઊજવવાનો અજોડ સંકલ્પ જાહેર કર્યો છે. તો પરમ દિવસે ૨૬ જાન્યુઆરી છે. ખાસ તમે ઑનલાઇન માતૃ-પિતૃ વંદના કાર્યક્રમમાં જોડાઈ જજો. ગુરુજીનો ખૂબ રાજીપો થશે."

"હા... હા... ચોક્કસ જોડાઈશું. પણ સાહેબ, આજે અચાનક કેમ આવવાનું થયું ?"

"એ તો આપે મને એ દિવસે કહેલું કે મારા ઘરે ક્યારેક આવજો. અહીંથી નીકળતો હતો એટલે થયું કે લાવ માનવભાઈને મળતો જાઉં. ભલે ત્યારે, હવે હું નીકળું. જય સ્વામિનારાયણ."

"ભલે સાહેબ, જય સ્વામિનારાયણ."

૨૬ જાન્યુઆરી, ૨૦૨૧. સંધ્યા સમય.

"બેટા શેફાલી, શું કરી રહી છે ? થોડી વાર મારી પાસે બેસ ને !" મમ્મીએ હીંચકા પર હીંચતાં હીંચતાં બૂમ પાડી.

"મમ્મી, આજે રાત્રે ઑનલાઇન માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ છે. હું તેની તૈયારી કરું છું. આપને જમાડવા મીઠાઈ જોશે ને ! એટલે પેંડા બનાવી રહી છું." શેફાલીબેનના મુખ પર હાસ્યનું મોજું ફરી વળ્યું.

"એમ બેટા ! લાવ હુંય તને મદદ કરું." એમ કહેતાં રસોડામાં પહોંચી તેના હાથમાંથી તાવેથો લઈ હલાવવા માંડ્યું.

"અરે ! બંને સાંભળો છો ? મહારાજની મૂર્તિ, બે ખુરશી, બે આસન, થાળી, વાટકીમાં જળ, ચમચી, હાથરૂમાલ, આરતીની થાળી, દિવેટ, માચીસ, કંકાવટીમાં પલાળેલું કંકુ તથા ચંદન, પુષ્પ, નાડાછડી આ બધી જ વસ્તુ તૈયાર કરી દીધી છે." બાજુના રૂમમાંથી માનવભાઈનો અવાજ સંભળાયો.

"મમ્મી, હું પણ માતલુ-પિતલુ વંદના કલીશ." નાનકડી રક્ષાએ કાલી ભાષામાં શેફાલીબેનની સાડીનો છેડો ખેંચતાં કહ્યું.

"હા બેટા, તારે પણ પ્રોગ્રામમાં જોડાવાનું છે હોં." શેફાલીબેને પ્રેમથી કહ્યું.

• • •

રાત્રિના ૮:૩૦ વાગ્યા. માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ શરૂ થયો.

બંનેએ માતાપિતાને ખુરશી પર બેસાડ્યા. સામે આસન પર માનવભાઈ અને શેફાલીબેન બેઠાં. પિતાના હાથમાં મહારાજની મૂર્તિ આપી. ત્યારબાદ પ્રથમ બે હસ્ત જોડી બંનેએ માતાપિતાને વંદન કર્યા. પછી માતાપિતાના જમણા ચરણને થાળીમાં મુકાવી વાટકીમાંથી ચમચી વડે જળ લઈ બંને ચરણ પખાળવા લાગ્યાં. ત્યારબાદ માતાપિતાના ચરણ પર પુષ્પ ચડાવ્યાં. ભાલમાં ચાંદલો કર્યો તથા માતાપિતાના હાથના કાંડે નાડાછડી બાંધી. ત્યારબાદ બંનેએ માતાપિતાને ફરતે પ્રદક્ષિણા કરી. પછી માતાપિતાને બે દંડવત તથા પંચાંગ પ્રણામ કર્યા.


ત્યારબાદ માતાપિતાના ખોળામાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ રાખી હતી તેની આરતી કરી. ત્યારબાદ બંનેએ માતાપિતાના મુખમાં પોતાના હાથે મીઠાઈ આપી.

આ સમગ્ર વિધિ દરમ્યાન માતાપિતાના અંતરમાં દીકરા-વહુ માટે ખૂબ લાગણી પ્રગટી રહી હતી. સાથે સાથે બંને સંતાનના હૈયામાં પણ માતાપિતા પ્રત્યે અતિશે પૂજ્યભાવ-આદરભાવ છલકાઈ રહ્યો હતો. માનવભાઈએ પપ્પાને અને શેફાલીબેને મમ્મીને ગઈગુજરી માટે ક્ષમાયાચના કરી, "હે પપ્પા ! આપની સાથે ક્યાંક

અશોભનીય, તોછડી વાણીથી વ્યવહાર કર્યો હોય તો ક્ષમા કરજો.'' ''હે મમ્મી ! આપની સેવામાં ક્યાંય કસર રહી ગઈ હોય તો ક્ષમા કરજો.'' ''હે પપ્પા ! આપની અંતરની ઊર્મિઓને સમજ્યા વગર આપને દોષિત ઠેરવ્યા હોય તો ક્ષમા કરજો.'' ''હે મમ્મી ! આપના વિશાળ હૃદયને મારું સંકુચિત મન પિછાની ન શક્યું હોય તો મને ક્ષમા કરજો.'' ત્યારબાદ બંનેએ આભારની લાગણી વ્યક્ત કરી, ''હે પપ્પા ! મારા સર્વાંગી ઘડતરની પળે પળે ચિંતા રાખી છે તે બદલ thank you.'' ''હે મમ્મી ! આપે અમારા માટે અનેક પ્રતિકૂળતાઓને સહન કરી અમને સુખ જ આપ્યાં છે તે બદલ thank you.'' ત્યારબાદ શેફાલીબેન મમ્મીને અને માનવભાઈ પિતાને ભેટી પડ્યા. એ સમયે ચારેયની આંખોમાં હર્ષનાં આંસુ વહી રહ્યાં હતાં. ત્યારબાદ આખો વિધિ માતાપિતાએ નાનકડી રક્ષા દ્વારા કરાવી તેને પણ માતૃ-પિતૃ વંદનાના પાઠ શીખવ્યા.

અંતે સૌએ ભેગા બેસી વ્હાલા ગુરુજીની દિવ્યવાણીનો લાભ લીધો.

આ પરિવારે તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૧ના દિવસે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમમાં જોડાઈ ધન્યતા અનુભવી હતી. આ વર્ષે ફરી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૨ના દિવસે આ પરિવાર 'માતૃ-પિતૃ વંદના' પ્રોગ્રામમાં જોડાવાનો છે. તો આપણે પણ તેમની સાથે 'માતૃ-પિતૃ વંદના' પ્રોગ્રામ ઊજવવા ઑનલાઇન રાત્રે ૮:૦૦થી ૧૦:૩૦ જોડાઈ જઈએ.



# મહારાજ અને મોટાપુરુષના અમૃત વચનો

ભારતીય સંસ્કૃતિમાં માતાપિતાની સેવાનો ઘણો મહિમા કહ્યો છે. ત્યારે ભગવાન સ્વામિનારાયણ તથા મોટાપુરુષોએ પણ માતાપિતાની અનન્ય સેવા કરીને એમની સેવા-વંદનાનાં પીયૂષ પિવડાવ્યાં છે. આવો ત્યારે, એનું અલ્પ આચમન કરી આપણે મહારાજ તથા મોટાપુરુષના વચન માર્ગે ચાલીએ...

- ગુણ-અવગુણ આવ્યા કરે છે તેનું કારણ શાપિત બુદ્ધિ છે. તે થવાનું કારણ દર્શાવતાં શ્રીજીમહારાજે કહ્યું છે, "એને તો કોઈકનો ફટકાર લાગ્યો છે, એમ મોટા સંતને દુખવ્યા હોય અથવા કોઈ ગરીબને દુખવ્યા હોય અથવા માબાપની ચાકરી ન કરી હોય તે માટે એમણે શાપ દીધો હોય તેણે કરીને એની બુદ્ધિ એવી છે." વચ. કા. ૨
- પોતાના માતાપિતાની સેવા જીવન પર્યંત કરવી. - શિક્ષાપત્રી : શ્લોક-૧૩૯
- આટલું અમે તમારા વાલી તરીકે હકથી કહીએ છીએ :
  - દરરોજ માતાપિતાને નીચે નમી ચરણસ્પર્શ કરજો.
  - દૂર રહેતા હોય તો અઠવાડિયે એક વાર ફોન કરી વાત કરજો.
  - દરરોજ સાથે રહેતાં માતાપિતા સાથે પાંચ મિનિટ સમય કાઢી વાતચીત કરજો.
  - દરરોજ પાણીનો એક ગ્લાસ આપજો, દવા આપવાની સેવા કરજો.
- હે યુવાનો, તમારાં માતાપિતા પૈસાનાં ભૂખ્યાં નથી, તમારા પ્રેમનાં ભૂખ્યાં છે.
- ઘરમાં સુખ, શાંતિ અને સંપ રાખવા માટે :
  - ધર્મપત્નીની હાજરીમાં માબાપને ક્યારેય બે શબ્દ ઠપકાના ન કહેવા.
  - માબાપની હાજરીમાં ધર્મપત્નીને કદી ઠપકો ન આપવો.
- જો ભવિષ્યમાં તમારાં બાળકો પાસેથી આદર-સન્માન ઇચ્છતા હોવ તો આજે તમારા ઘરમાં રહેલા માતાપિતાને આદર-સન્માન આપજો.
- દુનિયા આખીને રાજી કરતા આવડ્યું પણ પોતાના માતાપિતાને રાજી કરતા ન આવડ્યું તો કાંઈ ન વળ્યું. કોઈ દિવસ માતાપિતાને ન છોડશો. અમે કોઈ મુમુક્ષુને સંત કરીએ તોય માતાપિતાના આશીર્વાદ લેવડાવીએ છીએ.
- કોઈની પણ સાથે આત્મીયતા કરવા માટે એક પક્ષે ગરજ ન ચાલે; ટૂ વે ફરજિયાત છે. પરંતુ માતાપિતા સાથે આત્મીયતા રાખવામાં વન વે ચાલે ? હા. જેને રાજી કરવા છે તેને ચાલે. ધીરજ રાખી બધું સમાવ્યા કરો. જરૂર કાલે ટૂ વે થઈ જશે. કોઈ રાજી કરે કે ન કરે, મારે રાજી કરવા છે. આ સંકલ્પ દૃઢ કરો અને બીજું, મારા લીધે જ આત્મીયતાનું ખંડન થયું છે તેવું જ વિચારો તો જ માતાપિતા આગળ નમીને રહેવાશે.

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા દ્વારા ઑનલાઇન આંતરરાષ્ટ્રીય

# માતૃ-પિતૃ વંદના

દર વર્ષે
૨૯મી
જાન્યુઆરીના
રોજ

## માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનાં આકર્ષણો

- સંતાનોનું જીવનપરિવર્તન કરતો પ્રેરણા પ્રસંગ
- માતાપિતા ઉપર વીતતી વેદક પરિસ્થિતિની ડૉક્યુમૅન્ટરી
- માતૃ-પિતૃ પૂજન વિધિનો લાભ
- સમગ્ર વિશ્વના માતાપિતાને તથા સંતાનોને
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સંદેશનો અદ્‌ભુત લાભ



## આ કાર્યક્રમમાં સાથે રાખવાની સામગ્રી :

મહારાજની નાની મૂર્તિ, પાણીનો લોટો, થાળી, પુષ્પ, કંકુ, ચંદન, આરતીની ડિશ, દિવેટ, માચીસ, માતાપિતા માટે ખુરશી, પ્રસાદ (મીઠાઈ), નૅપ્કિન, નાડાછડી, ચમચી, માતા કે પિતા ધામમાં ગયાં હોય તો તેમની છબી, ફૂલના બે હાર

### લાઈવ ટેલિકાસ્ટ તથા વેબકાસ્ટ

SMVS Live

SMVS Youtube Live

GTPL ભક્તિ Channel No. 551